ટેક્સ્ટ બૂક તરીકે ચલાવવા મંજુર થયેલો.

ગુજરાતનો ઇતિહાસ.

[illegible] રમુજી વાર્તાઓ.

રચી, છપાવી-પ્રસિદ્ધ કરનાર

મોહનલાલ જયસિંહભાઈ બારોટ.

(ડે. એ. ઇ. ગાજીઆણા સ્ટેટ.) અને

પોપટલાલ કેવળચંદ શાહ.

(હેડમાસ્તર મીશન ટ્રેનીંગ કૉલેજ-અમદાવાદ.)

આઠમી આવૃત્તિ.

સર્વ હક સ્વાધીન.

અમદાવાદ

પાનકોરના નાકે "મનહર" પ્રિન્ટીંગ પ્રેસમાં

મોતીલાલ ગણપતરામે છાપ્યું.

સને ૧૯૧૮ પ્રત ૫૦૦૦

મૂલ્ય ૦-૨-૦

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजरातनो कंपीराजिद विभाग]

अनुक्रमांक ५३०८ वर्गांक

पुस्तकनुं नाम ગુજરાતનો ઇતિહાસ

विषय ५१५४ : ९४१ . ळ२२१न – ३१२

ટેક્સ્ટ બુક તરીકે ચલાવવા મંજુર થયેલો.

ગુજરાતનો ઇતિહાસ.

સાદી રમુજી વાર્તાઓ.

રચી, છપાવી–પ્રસિદ્ધ કરનાર
મોહનલાલ જયસિંહભાઈ બારોટ.
(ડે. એ. ઇ. રાજકોટ સ્ટેટ.) અને
પોપટલાલ કેવળચંદ શાહ.
(હેડમાસ્તર મીશન ફીમેલ ટ્રેનીંગ કોલેજ–અમદાવાદ.)

આઠમી આવૃત્તિ.

સર્વ હક્ક સ્વાધીન.

અમદાવાદ
પાનકોરના નાકે "મનહર" પ્રિન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણુપતરામે છાપ્યો.

ઇ. સ. ૧૯૧૪ પ્રત ૫૦૦૦

મૂલ્ય ૦–૨ ૦

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૫૩૦૮

પ્રસ્તાવના.

ગુજરાતી નવા ચોથા ધોરણમાં ગુજરાતનો ઈતિહાસ રમુજી વાર્તાઓથી શિખવવાનું ઠરાવ્યું છે, એ ઠીક થયું છે. તેથી વિદ્યાર્થીઓને કેટલીક નકામી હકીકત યાદ રાખવાનો બોજો ઓછો થયો છે; રમુજી સાદી વાતો દ્વારા સ્વદેશના ઇતિહાસનું ખપ જોગું જ્ઞાન મળેછે અને રસિક વાતોથી બાળકો ઇતિહાસ શીખવાને વધારે ઉત્કંઠિત બને છે.

ઇંગ્લાંડમાં પ્રસિદ્ધ થયેલી ઐતિહાસિક વાચનમાળાઓની પદ્ધતિ ઉપર નજર રાખીને તથા નીતિની છાપ બાળકોના મગજ ઉપર સચોટ પડે એવી રીતે વાર્ત્તાઓ લખવામાં પુરી કાળજી રાખી છે.

ઇતિહાસ શિખવતી વખતે ગુજરાતનો નકશો અને જરૂર પડે ત્યારે હિંદનો નકશો વર્ગ સામે ટાંગવો. કાળા પાટિયાંનો ઉપયોગ કરવાનું ધ્યાનમાં રાખવું અને મોઢેથી વાર્તારૂપે હકીકત કહી પછી ઘેરથી આ ઇતિહાસમાંની તે તે વાર્તા વાંચી લાવવા વર્ગને કહેવું.

દેશની ભૂગોળવિદ્યાને લગતી સામાન્ય હકીકત, પ્રાંત, સંસ્થાન, શહેર, કસ્બા કે ગામડાંના અધિકારીઓ વિષેની હકીકત ઉપરાંત અંગ્રેજી રાજ્યથી આપણા દેશને જે જે લાભો થયા છે અને સુખ સગવડ વધ્યાં છે તે વિષે પ્રારંભમાં કેટલીક વાતો સૂચક પ્રશ્નો વડે નિશાળીઆના લક્ષમાં ઉતારીને પદ્ધતિસર ઇતિહાસ શરૂ કરવો.

વંશાવળિ વગેરે કેટલીક હકીકત માત્ર સમયનો ક્રમ સમજાવવા આપેલી છે અને તે શિક્ષકોને માટે છે, આ ઇતિહાસમાં આવેલી હકીકત ઉપરાંત શિક્ષકે રાસમાળાદિ ગુજરાતના ઇતિહાસને લગતી બીજી ચોપડીઓ વાંચવાની જરૂર છે. જેથી જરૂર પડતાં આ ઇતિહાસને લગતી વાતો વધારે રસિક કરી શકે.

ઇતિહાસનું ખરૂં શિક્ષણ આપવાનું કામ મુશ્કેલ છે. તથાપિ શિક્ષણ શાસ્ત્રીઓએ તે સંબંધી જે જે સૂચનાઓ કરેલી છે તેનો સંક્ષિપ્ત સાર લક્ષમાં લેવાથી એ શિક્ષણના હેતુ પાર પાડી શકાય.

ઇતિહાસ (ઇતિ + હ + અસ્ + અ) એટલે ઇતિવૃત્ત બની ગયેલા બનાવોનું ખરૂં વર્ણન. ઐતિહાસિક બનાવો વર્ષવાર આપવામાં આવે છે પરંતુ હર્બર્ટ સ્પેન્સર "માત્ર નામ-તારીખો અને અર્થ વગરની ગયાં કાળની વાતોને" ઇતિહાસ કહેતો નથી. માત્ર વર્ષવાર વિગત જાણવી તેને આપણે ઇતિ-હાસનું ખરૂં જ્ઞાન કહી શકીશું નહિ. બુદ્ધિની ખિલવણી ઇતિ-હાસના શિક્ષણમાં અવશ્યે થવી જોઇએ. સ્મરણ શક્તિ, કલ્પના શકિત, વિવેચક શકિત, તોલન શક્તિ, વિવેક શક્તિ વગેરે કેળ-વાય; કાર્ય કારણ ભાવ જાણે; પૃથક્કરણ કરતાં આવડે; જિજ્ઞા-સાવૃત્તિ સંતોષાય અને સંશોધન કરવાની ટેવ પડે એવી રીતે ઇતિહાસનું જ્ઞાન મળે તોજ ઇતિહાસનું ખરૂં જ્ઞાન મળ્યું કહેવાય.

લૉક કહે છે કે "ઇતિહાસ એ જગતની અને જન સ્વ-ભાવની આરશી છે." લૉર્ડ એકન કહે છે કે "ઇતિહાસ મનુષ્યને સુજ્ઞ બનાવે છે." સીડની સ્મીથ કહે છે કે "જગતમાં કેવી રીતે વર્તવું એ સમજવાનું કામ ઇતિહાસનાં અભ્યાસથી ઘણું સારૂં માલુમ પડે છે." સિસરો કહે છે કે "ઇતિહાસ એ સમયનો સાક્ષી, પ્રકાશક અને જીંદગીનો માલિક છે." ફ્યુલર કહે છે કે "ઐતિહાસિક જ્ઞાન બુઢાપાના સફેદ વાળ કે કરચોલી લાવ્યા વગર મનુષ્યને વૃદ્ધ બનાવે છે અને બુઢાપાની નબળાઇ કે મુશ્કેલી ઉત્પન્ન કર્યા વગર તે આપણને વૃદ્ધાવસ્થાનો અનુભવ શિખવે છે." ડાયોડોરસ જણાવે છે કે "તે ભવિષ્ય સૂચક, સત્યશોધક અને માતાની પેઠે જીવન રક્ષક છે." લોર્ડ મેકોલે લખે છે કે "જે બીજી કોઇ રીતે ન શીખાય એવી ઘણી સત્યતા-

ઓ ઇતિહાસમાંથી શીખાય છે" ગિઝોટ લખે છે કે "ઇતિહાસ એ બુદ્ધિ અને સદ્‌ગુણ કેળવવાની મોટી પાઠશાળા છે." વિસ્તાર ભયથી વિશેષ અભિપ્રાયો આપ્યા નથી. પણ આટલા ઉપરથીજ જણાઇ આવશે કે ઇતિહાસનું ખરું જ્ઞાન એ કેવા ઉચ્ચાશયવાળું અને ઉદાર છે ! મહાન પુરૂષોનાં જીવન ચરિત્રો બાળકોને માટે વધારે આદરણીય છે. મુકાબલાથી એ વાતોને વધારે રસિક કરી શકાય.

૧ બાળકોની યાદશક્તિ તથા કલ્પના શક્તિ ખીલે અને તેમના જ્ઞાનમાં વધારો થાય એમ ઇતિહાસ શિખવવો.

૨ રસ પડે એમ વાર્તારૂપે ઇતિહાસનું જ્ઞાન આપવું.

૩ બાળકો માટે વ્યક્તિનાં વર્ણનો આવે એવી વાર્તા જોઇએ; (આખી પ્રજાનાં વર્ણનો તેને યોગ્ય વયે કહેવાશે.)

૪ પ્રેમ, વીરતા, સત્ય, સ્વદેશાભિમાન વગેરે લાગણીઓ કેળવાય તેમ વાતો કહેવી (કેમકે બાલ્યકાળમાં એ લાગણીઓ તથા કલ્પના શક્તિ જોરમાં હોય છે.)

૫ ઐતિહાસિક જગ્યાનું પ્રત્યક્ષ દર્શન કરાવાય તો સારું. તામ્ર પત્રો, શિલા લેખો, સિક્કાઓ, જુનાં મકાનો, ખંડેરો વગેરે સાધનો ઉપયોગી થશે.

૬ વાર્તા એવી રીતે કરવી કે જેથી ઉપદેશ સાર છેવટ ઉપજાવી કાઢવાની જરૂર ન પડે પણ બાળકો પોતાની મેળે સમજી શકે.

૭ વાર્તાને લગતાં ચિત્રો ખૂબ બતાવવાં

૮ નકશો પાસે રાખવો. તે વગર ઇતિહાસ શિખવાય નહિ. સ્થળો, રસ્તા વગેરે (પાઠના સંબંધમાં આવતા જાય તે) બતાવવા અને ઇતિહાસનો પાઠ રસિક કરવો.

૯ સાલો ઉપલા ધોરણમાં અગત્યની છે. અહીં તો માત્ર મુખ્ય મુખ્ય બનાવનાંજ વર્ણ કહેવાં.

૧૦ જુદી જુદી સ્થિતિ (યુદ્ધની, શાંતિના સમયના સુધારાની, ઇત્યાદિ) એવી રીતે સમજાવવી કે બાળકો નીતિ શીખે, શિખનારનું મન વિશાળ થાય અને હૃદયના ગુણોની ખિલવટ થાય.

૧૧ જેમ ભોગોળીય નામોથી ભરેલો નકશો ભૂગોળનું યથાયોગ્ય જ્ઞાન આપવામાં પુરતો ઉપયોગી થતો નથી તેમ પુષ્કળ હકીકતથી ભરેલી વાર્તા બાળકને જોઇએ તેવી રીતે ઉપયોગી થતી નથી. માટે જે વધારે અગત્યની વાતો હોય તે ઇતિહાસ શિખવતી વખતે લેવી અને ગમ્મત સાથે જ્ઞાન આપવું.

ગુજરાત શાળાપત્રમાં ઇતિહાસ શિક્ષણના સંબંધમાં વિશેષ વિસ્તારથી કહેવામાં આવ્યું છે તે દરેક શિક્ષકે વાંચી, વિચારી ઇતિહાસ શિખવવો.

ગુજરાતનો નકશો તથા કેટલાંક ચિત્રો મૂકી આ ઇતિહાસને ઉપયોગી બનાવવાને બનતું કર્યું છે.

અમદાવાદની નિશાળો ગુજરાતનો ઇતિહાસ આ પ્રમાણે શરૂ કરી શકે: ગાયકવાડની હવેલી વિદ્યાર્થીઓને બતાવી તેમાં કોણ રહે છે વગેરે કેટલાક સૂચક પ્રશ્નો પૂછી અંગ્રેજ સરકારનું હાલ રાજ્ય છે તેમ બતાવી શકે. પછી તેને ગાયકવાડની હવેલી કેમ કહે છે વગેરે પ્રશ્નો પૂછી અંગ્રેજી રાજ્ય પહેલાં મરેઠાનું રાજ્ય હતું એમ જણાવી શકે. જુમામસીદ વગેરે બતાવી કેટલાક પ્રશ્નોત્તર વડે મરેઠા પહેલાં મુસલમાનનું રાજ્ય હતું તે કહી શકે અને કેટલેક સ્થળે પાટણનાં જુનાં હિંદુ દેવાલયો કે સ્થળોના વપરાયેલા પત્થરો તરફ ધ્યાન ખેંચી કે

બીજી રીતે પ્રશ્નો કરી મુસલમાનો પહેલાં રજપુતોનું રાજ્ય હતું એમ બતાવે. મુસલમાન અને મરેઠાના રાજ્યમાં ધર્મના ઝઘડા ને બીજા જુલમ વિષે સહજ કહીને અંગ્રેજી રાજ્ય કેવું સારૂં છે તે વિષે કેટલીક વાત કરે+ અને પછી પદ્ધતિસર આ ઇતિહાસની વાર્તાઓ શરૂ કરી શકે. (અમદાવાદની આટલી હકીકત ઉપરથી બીજા સ્થળના મહેતાજી સાહેબો પણ અનુકૂળતા મુજબ ઇતિહાસના આવા પ્રાવેશિક પાઠો આપી શકે.)

પો. કે. શાહ.

+ “ અંગ્રેજી રાજથી હિંદને થયેલા લાભો ” એ નામનો લઘુ લેખ આ લેખકે પ્રગટ કર્યો છે તે તથા તેવાં બીજાં પુસ્તકો શિક્ષકોને વાંચી જવા વિનંતિ છે.



ને. ના. મહારાજા પાંચમા જ્યોર્જ.

ગુજરાતનો ઇતિહાસ.

(૧) પ્રતાપી અંગ્રેજી રાજ્ય.

૧. તમે કદી ગુજરાતમાં મુસાફરી કરી છે ? તેનાં મોટાં મોટાં શહેરનાં નામ જાણો છો ? ગુજરાતની હાલની હદ તથા બીજી કેટલીક હકીકત તમે ત્રીજા ધોરણમાં શીખી ગયા છો. ગુજરાતદેશ, આગળ પણ આજના જેવો હતો, એમ તમે માનશોમાં. તેની હદમાં તથા ઉદ્યોગ, રીતભાત, અને રાજાઓમાં ફેરફાર થતો રહ્યો છે. હાલ આપણા ઉપર જે અંગ્રેજ સરકાર રાજ કરે છે, તેમના રાજ્યનો આરંભ ગુજરાતમાં આશરે ૧૦૦ વરસ ઉપર થયો છે તેમાં પણ ઇંગ્લાંડના રાજાએ તો પંચાવનેક વરસથીજ એ રાજ્ય હાથમાં લીધું છે.* કેમકે ત્યાર પહેલાં ઇંગ્લાંડથી આવેલી વેપારી લોકોની મંડળી (કંપની બહાદુર) રાજ ચલાવતી હતી. ×

૨. થોડા વખત પહેલાં આપણા દેશમાં મહારાજાધિરાજ પંચમ જ્યોર્જ બહાદુર પધાર્યા હતા ને દિલ્હીમાં હિંદના સઘળા રાજા રજવાડાઓને બોલાવીને મોટો દરબાર ભરી હિંદના શહેનશાહનું પદ ધારણ કર્યું હતું તે હકીકત તો તમારા જાણવામાં હશેજ. તેઓ ઇંગ્લાંડમાં વસે છે અને તેમની વતી. હિંદમાં ગવર્નર જનરલ (વૉઇસરોય) અમલ ચલાવે છે. પાંચ

---

* શુભે સંવતે ઓગણી પંદરામાં,
વળી બેસતે વર્ષે સારા સમામાં;
જહાં ગુર્જરી રાજધાની બિરાજે,
રૂડું રાણીજીનું થયું રાજ આજે.

× "અમદાવાદ નામે એક શહેર છે સારૂં રે,
રૂડું કંપની કેરૂં રાજ્ય પ્રજાને પ્યારૂં રે."

પાંચ વરસે ગવર્નર જનરલ બદલાય છે. અંગ્રેજોની પહેલાં દક્ષિણના મરેઠા લોકો, તે પહેલાં મુસલમાન અને તેમની પહેલાં રજપુત રાજાઓ આપણા દેશમાં રાજ કરતા હતા. તમને એ બધાની રમુજી વાતો થોડે થોડે જણાવવામાં આવશે.

૩. હાલના આપણા પ્રજાપ્રિય શહેનશાહ પંચમ જ્યોર્જ પહેલાં તેમના પિતાશ્રી શાંતિપ્રિય શહેનશાહ એડવર્ડ ૭ મા રાજ કરતા હતા. તેમની પહેલાં તેમનાં માતુશ્રી વિક્ટોરિઆ રાજ કરતાં હતાં. હિંદુસ્તાનનું દરેકે દરેક ઘર તેમના ભલાં નામથી તેમને જાણે છે. મહારાણી વિક્ટોરિઆ ઇ. સ. ૧૯૦૧ માં સ્વર્ગવાસી થયાં છે. પરંતુ તેઓ પોતાના રાજ અમલમાં થયેલાં સારાં સારાં કામો વડે જીવતાં જેવાં છે. તેમના ૬૪ વર્ષના રાજ અમલમાં જે જે ઉદ્યોગ હુનરમાં વધારો થયો છે, અને સલાહ શાન્તિ મળી છે. તે જોશો તો તમને જણાશે કે તે ખરેખરાં દેવી હતાં. કોઇ ૮૦ વર્ષના ડોસાને પૂછશો કે તમે નાના હતા ત્યારે તાર, રેલવે, ટપાલ, આગબોટો, સુતર, રેશમ ને શણ વણવાની મીલો, દીવાસળી ને કાગળનાં કારખાનાં, છાપખાનાં, કોયલા અને સોનાની ખાણો વગેરે કદી જોયાં હતાં? આ સઘળી શોધોનો લાભ એ દેવીના રાજ અમલમાં આપણને મળ્યો છે આપણને



ના. મહારાણી વિક્ટોરિયા.

કેળવણીનો લાભ પણ તેમના વખતમાં મળવા લાગ્યો છે.

૪. લોકોનું રક્ષણ કરવા માટે પોલીસ, લશ્કર, ન્યાયની કચેરીઓ, તુરંગો તુરંગની ઉદ્યોગશાળાઓ, કૉલેજો, નિશાળો, ઇસ્પિતાલો, બાંધકામ ખાતુ, વગેરે ઘણાં ઉપયોગી ખાતાંઓ એમના પ્રતાપી અમલમાં દાખલ થયાં છે.

૫. મોટાં મોટાં શહેરોમાં લોકોને મ્યુનિસિપાલ ખાતા (શહેર સુધરાઈ ખાતા) નો વહિવટ ચલાવવાનો (સ્થાનિક સ્વરાજ્યનો) હક તથા સરકારની કાયદા બાંધનારી સભામાં લોકોએ પસંદ કરેલા દેશી સભાસદો મોકલવાનો હક પણ તેમના રાજ અમલમાં મળ્યો છે. હવે લુટારા કે બહારવટીઆની કે અધિકારીઓના જુલમની આપણને જરા પણ બીક રહી નથી. દુકાળના વખતમાં પણ આપણને બચાવવાને અંગ્રેજ અમલદારો કેટલી બધી મહેનત લે છે તે છપ્પનીઆ દુકાળમાં આપણે નજરે જોયું છે.

૬. મહારાણી વિક્ટોરિઆની પછી તેમના વડા પુત્ર, ૭ મા એડવર્ડ ઈંગ્લાંડની ગાદીએ બેઠા હતા, હિંદના શહેનશાહ તરીકે કૈસરેહિંદ પદ ધારણ કરવા માટે સને ૧૯૦૩ ની ૧ લી જાનેવારીએ ભારે દબદબા ભરેલો મેલાવડો દિલ્હીમાં થયો હતો. ૧૯૦૯ માં ધારાસભાને લગતા કેટલાક હકો તેમણે લોકોને આપ્યા છે. સને ૧૯૧૦ ના મે માસની ૭ મી તારીખે એ શાંત રાજા શહેનશાહ એડવર્ડનો કાળ થવાથી તેમના પાટવી કુમાર જ્યોર્જ પાંચમા ગાદીએ બેઠા છે.

૭. રાજા તરફ રૈયતે રાજ્યભક્ત રહેવું એ દરેક ધર્મમાં કહ્યું છે. આપણે આ ઇંગ્રેજ સરકારના અમલમાં ઘણા સુખી છીએ. આપણે હંમેશાં રાજ્યભક્ત રહીશું ને રાજાધિરાજના હુકમને તાબે રહી ઇશ્વર પાસે એ માગીશું કે, આ પ્રતાપી

રાજ આપણા ઉપર હંમેશાં કાયમ રહો ને આપણા નામદાર બાદશાહ જ્યૉર્જ ૫ મા લાંબું આયુષ્ય ભોગવો.

(૨). જાદવોનો નાશ.

૧. તમારામાંના કોઇ કાઠિઆવાડ વિષે કંઇ હકીકત જાણો છો ? ન જાણતા હો તો જુઓ આ ગુજરાતનો નકશો. જુના વખતમાં તેને સૌરાષ્ટ્ર કહેતા હતા. અંગ્રેજી રાજના આશરા નીચે આવવાથી તથા રેલ્વે વગેરે થવાથી હમણાં એ ભાગમાં મુસાફરી કરવાનું સહેલું થયું છે; નહિતો અગાઉના વારામાં એનો અંદરનો ભાગ ઝાડીથી તથા ઇશાન તરફનો ભાગ દરીઆથી ઢંકાયલો હતો અને માત્ર કાંઠે કાંઠે શહેરો વસ્યાં હતાં.

૨. વાયવ્ય ખુણાપર દરિયા કાંઠે આવેલું દ્વારકા જુઓ. એ હાલ વડોદરાના ગાયકવાડને તાબે છે; પણ આશરે ચાર હજાર વરસ ઉપર ત્યાં શ્રી કૃષ્ણ રાજ્ય કરતા હતા. જેમને હિંદુઓ પરમેશ્વર તરીકે માને છે. ત્યાંથી કાંઠે કાંઠે નીચે ઉતરતાં પોરબંદર આવે છે. એમાં શ્રીકૃષ્ણનો મોટો ભક્ત સુદામો નામે બ્રાહ્મણ રહેતો હતો, તે પરથી તેને સુદામાપુરી પણ કહે છે. ત્યાંથી આગળ ચાલી સોમનાથ પાટણ જુઓ, એને પ્રભાસ પાટણ કહે છે. એમાં સોમનાથ મહાદેવનું પ્રખ્યાત ધામ છે. શ્રીકૃષ્ણ અને તેમના સગા બીજા જાદવો ત્યાં ઘણીવાર જાત્રાએ જતા.

૩ આ બધા દરીઆકાંઠાના ભાગમાં તમે ઉનાળાની ઋતુમાં ગયા હો, તો ગરમી ઘણી ઓછી લાગે, ને દરીઆના ઠંડા પવનની લહેરોથી આનંદ આવે. શ્રી કૃષ્ણના કુટુંબી, ચંદ્રવંશી યદુરાજાના વંશના હોવાથી તેઓ યાદવ કે જાદવ કહેવાય છે, તેમની સંખ્યા ઘણી વધી પડવાથી તથા તેમને દારૂનું બુરું વ્યસન લાગવાથી તેઓ બહુ તોફાની બની ગયા હતા. દ્વારકા નજીક ઘણા ઋષિઓના આશ્રમ હતા. એકવાર

કેટલાક તોફાની જાદવોએ એક જાદવ કુમારને સ્ત્રીના જેવાં લુગડાં પહેરાવી તેને પેટે ગોળ વાસણ બાંધી પેલા ઋષિઓ પાસે જઇ પૂછ્યું કે મહારાજ ! આ બાઇને દીકરો અવતરશે કે દીકરી ? મોટા તપસ્વી ઋષિઓને આ મશ્કરીથી ઘણું માઠું લાગ્યું, ને તેમણે શાપ દીધો કે " એ બાઇ એક લોઢાનું મુશળ (સાંબેલું) જણશે, અને તે વડે તમારો બધાનેઃ નાશ થશે. "

૪. એથી બધા જાદવો ગભરાયા, અને શાપ મટાડવા પ્રભાસપાટણની યાત્રાએ ગયા. ત્યાં દારૂ પીને* તોફાન કરવા લાગ્યા, અને ભાન ભૂલી માંહોમાંહે લડી કપાઇ મુઆ. એ જગાને **જાદવાસ્થળી** કહે છે. પછી શ્રી કૃષ્ણ ભગવાને પણ પોતાનાં સગાંવહાલાંના શોકથી સોમનાથ પાટણ પાસે દેહ છોડયો. એ જગાને દેહોત્સર્ગ કહે છે. જાદવાસ્થળીમાંથી બચેલા જાદવો, ત્યાર પછી ઉત્તર હિંદુસ્તાનમાં જતા રહ્યા, ને કેટલીક મુદતે તેમણે એ ભાગમાં જેસલમેર વગેરે નાનાં રાજ્ય સ્થાપ્યાં.

૫. કચ્છ તથા કાઠીયાવાડના જાડેજા રજપુતો પોતાને શ્રી કૃષ્ણના જાદવ વંશમાંથી ઉત્પન્ન થયેલા માને છે. જાદવ પછી જાણવા પ્રમાણે મોર્યવંશ, ક્ષત્રપવંશ, ગુપ્તવંશ ને વલ્લભીવંશના રાજાઓએ રાજ કર્યું. મોર્યવંશમાં અશોક નામે પ્રખ્યાત રાજા થઇ ગયો છે તેણે દયા અને નીતિધર્મ વિષે કોતરાવેલા લેખો આજે પણ જોવામાં આવે છે. જેમાંનો એક ગીરનાર પર્વતની તળેટીમાં છે.

(૩) સોનાની કાંસકી ને શિલાદિત્ય રાજા.

૧. જુના વખતમાં કાઠિયાવાડના એક શહેરમાં કાકુ નામે પૈસાદાર વાણીઓ રહેતો હતો. તે અસલ મારવાડનો રહેવાસી ને બહુ લોભી હતો. તેને એક વહાલી દીકરી હતી, તેની પાસે હીરા માણેકથી જડેલી સોનાની એક કાંસકી હતી.

* દારૂ પીવાથી કશો લાભ થતો નથી પણ ઘણા ગેરલાભ થાય છે એ વાત બાળકોના મનપર ઠસાવવી.

૨. એક વેળા એ કાંસકી શહેરના રાજાની કુંવરીએ દીઠી, ત્યારે તેને એમ લાગ્યું, કે આવી સુંદર કાંસકી મારી પાસે હોય તો કેવું સારું ! પછી તેણે હઠ લઈ એ કાંસકી પોતાની પાસે રાખવા પોતાના બાપને કહ્યું. રાજાએ એ કાંસકી માગી પણ લોભી કાકુએ તે આપવા ચોકખી ના પાડી. રાજાની આ માગણી ઇન્સાફથી ઉલટી હતી.

૩. રાજા શિલાદિત્યે કાકુને સમજાવ્યો, પણ તેણે માન્યું નહિ, તેથી તેણે પેલી સુંદર કાંસકી બળાત્કારે પડાવી લઇ પોતાની કુંવરીને આપી, આથી કંજુસ કાકુ બહુ રીસે ભરાયો. તે મારવાડમાથી આવ્યો ત્યારે ઘણો ગરીબ હતો તેથી તેને રંકને નામે બધા ઓળખતા; પણ પાછળથી વેપારમાં ઘણા પૈસા કમાવાથી તે કરોડપતિ થયો હતો.

૪. પોતાની પાસે ઘણા પૈસા હતા, તે કોઇ મોટા રાજાને આપી પોતાને થયેલા અપમાનનું વેર વાળવાનો તેણે વિચાર કર્યો. પછી તે સિંધ દેશમાં ગયો અને ત્યાંના આરબ બાદશાહને એક કરોડ સોના મહોર આપવાનું ઠરાવી શિલાદિત્યના રાજનો નાશ કરવા તેડી લાવ્યો.

૫. શિલાદિત્ય એ વલ્લભીપુરનો રાજા હતો. ગુજરાતમાં એ રાજ્ય પૈસે ટકે આબાદ અને મોટું હતું. એ રાજ્યનો સ્થાપનાર ભટ્ટાર્ક નામે ગુર્જર જાતનો સરદાર હતો. એની ગાદીએ ઇ. સ. ૫૦૯ થી ૭૬૬ સુધી વીસ રાજા થયા હતા, તેમાં છેલ્લો રાજા આ ૭ મો શિલાદિત્ય હતો. ગુર્જર લોકો ઉપરથી આપણા દેશનું નામ ગુજરાત પડેલું છે.

૬. સિંધના આરબ પાદશાહે શિલાદિત્યને લડાઇમાં હરાવી મારી નાખ્યો ને એ આબાદ શહેરનાં ઘરબાર લુટી લીધાં, પોતાને દેશ ન લઇ જવાય તેવી ચીજોને સળગાવી દીધી અને એ પ્રમાણે આખા વલ્લભીપુરનો રંક કાકુએ નાશ કરાવ્યો.

૭. ચોમાસાના વખતમાં આપણે એ શહેરનાં ખંડેર જોવા જઇએ, તો તે વધારે ખુલ્લાં જોઇ શકીએ. રેલવેમાં બેસીને વઢવાણથી ભાવનગર જતાં ધોળા સ્ટેશને ઉતરીએ અને ત્યાંથી પૂર્વમાં ૬–૭ ગાઉપર આવેલા વળા કસ્બામાં જઇએ. તેની આસપાસ ચોમાસામાં ઘેલો નદી જ્યારે પૂરથી છલકાઇ જાય છે, ત્યારે તેના પાણીથી ધોવાઇ ખોદાઇને કોઇ વાર ત્યાંથી શિવલિંગ, જુના સિક્કા, વાસણ, જબરી ઈંટો અને બીજી ચીજો નીકળે છે.

૮. આ વલ્લભી નગર ઘેરાવામાં પાંચ મૈલ કરતાં વધારે હતું. શહેરમાં ઘણા ધનવાન માણસ વસતા હતા. રાજાઓ વિદ્વાનોને આશરો આપતા અને ગરીબોને ઘણું દાન દેતા. શહેરમાં બૌદ્ધમતના સૌથી વધારે મઠ હતા ને તેમાં હજારો સાધુઓ રહેતા હતા. એ સિવાય બીજાં ઘણાં દેવાલય હતાં. રાજાઓ શૈવ છતાં બીજા મતને હરકત ન કરતા ને માન આપતા. બૌદ્ધ અને જૈનોને ઘણીવાર રાજસભામાં વિવાદ થયેલા અને કહેવામાં આવે છે કે છેવટે જૈનોની જીત થયેલી.

૯. એ રાજ્યમાં ભટ્ટી નામે એક કવિ થઇ ગયો, તેણે સંસ્કૃતમાં ભટ્ટી કાવ્ય નામે પ્રખ્યાત કાવ્ય બનાવ્યું છે. રૈયતનું રક્ષણ કરવાને બદલે રાજાએ જુલમથી સોનાની કાંસકી પડાવી લેવાથી, અને " પેટનો બળ્યો ગામ બાળે " તેવું રંક કાકુએ કરવાથી આવું પ્રખ્યાત નગર દુનીઆ ઉપરથી ભૂસાઇ ગયું ! આ બનાવ આશરે સાડીબારસેં વરસ ઉપર બન્યો. કાકુને પણ પાછળથી આરબ પાદશાહે પાયમાલ કર્યો જણાય છે. સૌને પોતપોતાનાં કર્મોનો બદલો મળ્યા વગર રહેતો નથી.

(૪) ગઢ કે કિલ્લો.

૧. પરદેશી રાજાઓથી તથા દેશની ભીલ વગેરે તોફાની જાતોથી પોતાનું તથા પ્રજાનું રક્ષણ કરવાને અગાઉના રાજાઓ પોતાથી બની શકે તેવા ઉપાય લેતા. રક્ષણનાં એવાં કેટલાં-એક બાંધકામ હજી કેટલેક ઠેકાણે ઉભાં છે. ચાલો, આપણે એવી એક જગા જોવા જઇએ.

૨. જુઓ, એ જગા ડુંગર ઉપર આવેલી છે. એની આસપાસ પત્થરની મજબુત જાડી ભીંત ચણી લીધેલી જણાય છે. તેના ઉપર ચડતાં પહેલાં માર્ગમાં આ એક ખાઇ આવી. હાલ તમને એ ખાઇનો ખરેખરો વિચાર નહિ આવે. કારણકે હાલના શાંતિના વખતમાં એવી ડુંગર ઉપરની મજબુત જગા-ની કે ખાઇની જરૂર રહી નથી, પણ હું તમને એ વિષે સ-ઘળી હકીકત જણાવીશ.

૩. એ સઘળી હકીકત સમજવા માટે ધારો, કે આ-પણે હજાર દોઢ હજાર વરસ પહેલાં જન્મ્યા છીએ. અને તે વખતે આ જગા જેવી હાલતમાં હતી, તેવી હાલતમાં આ-પણે તેને જોઇએ છીએ.

૪. આ, પાણીની ખાઇ છે. તે પહોળી ને ઉંડી છે. તેમાં પેલી તરફથી નદીનું પાણી આવે છે. આ ખાઇ ઉપર એક લાકડાનો પૂલ મૂકેલો છે, તે ઉપર થઇ આપણે આગળ ચાલીએ.

૫. જો કોઈ શત્રુ ચઢી આવતો હોય, તો આ લાકડાનો પૂલ ઉપાડી લેવામાં આવે છે, એટલે તેને અહીં અટકીને ઉભું રહેવું પડે છે. જો દુશ્મનો લાકડાનો પૂલ બનાવી ઉતરવાની મહેનત કરે છે, તો આ ઉંચી દેખાતી મજબુત જગા ઉપરથી તેમના પર તીરનો અને ગોળીનો વરસાદ વરસે છે.

૬. આપણે આ મજબુત જગાના દરવાજા પાસે આવી પહોંચ્યા છીએ. ચાલો, દરવાનની રજા લઇ અંદર જઇએ. પણ તે પહેલાં દરવાજાનાં આ મજબુત કમાડ જુઓ. તેમાં નાખેલા ભાલા જેવા લોઢાના ખીલા તપાસો. કદાચ ખાઇ ઓળંગી શત્રુ અહીં સુધી લશ્કર લઇ આવી પહોંચે, અને આ બંધ દરવાજા તોડવાની હાથી અને ઉંટની મદદથી તજવીજ કરે તો તે પ્રાણીઓ અણીદાર ખીલાથી વીંધાઇ જાય, ને લાગ ફાવે નહિ.

૭. દરવાજા પાસે જુઓ, આ એક ઉંચો ને મજબુત કોઠો છે, અને એવા બીજા કોઠા પણ જુદી જુદી જગાએ ઉભા કરવામાં આવ્યા છે. એ કોઠા ઉપર ચઢીને જોતાં દૂરનો ઘણો ભાગ દેખાય છે, તેથી શત્રુનું લશ્કર આવતું હોય, તો તરત ખબર પડે. જુઓ આ કોઠામાં તીર, ભાલા, બંદુક વગેરે કેટલાં બધાં હથિઆર ભરેલાં છે ? શત્રુની ફોજ ઉપર અહીંથી તથા આ દિવાલથી મથોડા જેટલી નીચી આ બીજી રાંગ બાંધેલી છે, તે ઉપર ઉભા રહી દીવાલના બાકામાંથી ગોળી અને તીર વગેરે મારવામાં આવે છે.

૮. ચાલો રાંગ ઉપર થઇ બીજો કોઠો જોવા જઇએ. માર્ગમાં આ સિપાઇઓને રહેવાનાં ઘર આવ્યાં. તેમાં લડવૈયા રહે છે ને સરદારના હુકમ પ્રમાણે આ મજબુત કિલ્લાની ચોકી કરેછે.

૯. જુઓ આ પાણીનું મોટું ટાંકું છે. કિલ્લામાં રહેનારને પાણીની ખોટ ન પડે, માટે કેટલાક ઉંડા કુવા પણ ગાળવામાં આવ્યા છે. પેલી તરફ, જુઓ એ અનાજનો કોઠાર છે. તેમાં ઘણું અનાજ ભર્યું છે. કોઇ શત્રુ કિલ્લો ઘેરીને પડ્યો હોય, તો બહારથી અનાજ કે પાણી લાવી શકાય નહિ, એવે વખતે આ કોઠાર બહુ કામ લાગે છે. જુઓ વળી આ મજબુત મકાનમાં પાછું ચારે તરફથી દીવાલવાળું નાનું મ-

કાન આવ્યું, તેમાં કિલ્લાનો મુખ્ય સરદાર રહે છે. તે રાજાના હુકમ પ્રમાણે આસપાસના મુલકનું રક્ષણ કરે છે. વળી આ બીજો કોઠો આવ્યો. તે પેલાના જેવોજ છે. જુદી જુદી દિશાએ આવા કોઠા શા માટે ઉભા કરવામાં આવ્યા હશે, તે તમારાથી સમજાયું? બધી બાજુએથી નીચેના ભાગ ઉપર નજર કરી શકાય ને બચાવ થાય, તેટલા માટે તે કરેલું છે. પેલી તરફ અંધારી કોટડી છે, તેમાં રાજ્યના ગુન્હેગારોને પુરવામાં આવે છે. બહુ તોફાની હોય તો આ કિલ્લા પરથી પછાડીને મારી નાંખવામાં આવે છે.

૧૦. દેશી રાજનાં કેટલાંક ગામડાંમાં આવી નાની ગઢી અને કોઠા ઉભા કરવામાં આવે છે, તેમાં બોકની વખતે ગામ લોકો પોતાની મિલ્કત ભરી દે છે. આવા કિલ્લા જીતવાનું કામ કેટલું કઠણ છે, તે તમારા સમજ્યામાં આવ્યું હશે. જ્યારે દુશ્મનો લાંબા વખત સુધી કિલ્લાની આસપાસ પડયા રહી હુમલા કરે છે, અને હથોડા તથા કુહાડાથી દરવાજા તોડે છે, પછી દીવાલમાં બાકાં પાડે છે અથવા નિસરણી મૂકી રાતે ચડી જાય છે, ત્યારે કિલ્લો જીતી શકાય છે. અગર જ્યારે લાંબી મુદ્દતના ઘેરાથી અંદર ખોરાક :પાણી ખુટી પડે છે ને યોદ્ધા કંટાળી જાય છે, ત્યારે કિલ્લાવાળા શરણે આવે છે, ને દુશ્મનો ફતેહ મેળવે છે. (કેટલાક દેશી રાજ્યોમાં ડુંગર કે ઘાટ ઉપર નાના કિલ્લા કે ગઢ હોય તે સ્થળના શિક્ષકોએ બાળકોને બતાવવા. બીજે સ્થળે કિલ્લાના કોઇ નકશાનો ઉપયોગ કરવો.)

---

(૫) પંચાસરનો ઘેરો (રાજા જયશિખરની વાર્તા.)

૧. જો તમે કાઠિઆવાડની ઇશાને કચ્છના નાના રણને પૂર્વ કાંઠે ઝીંઝુવાડા ગામમાં જાઓ, અને તેની પાસે એક શ-

હેરનાં જુનાં ખંડેર જુઓ, તો તમને તરત પૂછવાનું મન થશે, કે આ કયા શહેરનાં ખંડેર છે, ને તેની આવી દશા શી રીતે થઈ?

૨. એ શહેરને પંચાસર કહેવામાં આવતું હતું. હાલ તેની નજીક પંચાસર નામે એક નાનું ગામ છે, પણ તે અસલનું પંચાસર નથી. એ શહેરમાં આશરે તેરસેં વરસ પહેલાં જયશિખર નામે રાજા રાજ કરતો હતો. એ રજપુતોની ચાવડા શાખાનો હતો.

૩. ગુજરાતનો શંકર નામે બારોટ ઉત્તરમાં કનોજ શહેરની પાસે આવેલા કલ્યાણીના રાજા ભૂવડના દરબારમાં ગયો, અને ત્યાં જયશિખરના તથા તેના તાબાના ગુજરાત દેશનાં વખાણ કરવાથી તે રાજા ગુજરાત જીતવાને લલચાયો. પહેલી વાર તો તેનો મિહીર નામે પ્રખ્યાત સેનાપતિ માર ખાઈને પાછો ગયો. પણ પછી ભુવડે નિરાશ ન થતાં ફરી ચઢવાની તૈયારી કરી.

૪. એ ભુવડ રાજા પાસે ઘણું લશ્કર હતું, અને તેણે ઘણા દેશ તાબે કર્યા હતા. તેના લશ્કરમાં મોટા મોટા સોળ તો સેનાપતિ હતા. તેણે એકદમ ધસારો કરી જયશિખરના સૈન્યને હઠાવ્યું. ભુવડની સાથે મેદાનમાં નહિ લઢી શકાય તેમ લાગવાથી, જયશિખરનું લશ્કર પંચાસરના સાધારણ કિલ્લામાં ભરાઇ ગયું, તેથી ભુવડે પંચાસરને ઘેરો ઘાલ્યો.

૫. ભુવડે કિલ્લાની આસપાસ પોતાની લશ્કરી છાવણી જમાવી દીધી. લડવૈયાને રહેવા માટે નાનાં ઝુંપડાં ઉભાં કર્યાં અને પંચાસરની અંદર કાંઇ પણ ખોરાક કે પાણી બહારથી ન જઇ શકે, એવો પાકો બંદોબસ્ત કર્યો. પછી તે કિલ્લાપર વારંવાર હુમલા કરવા મંડયો.

૬. ભુવડના બહાદુર લડવૈયા કિલ્લાની દિવાલ તથા દરવાજો તોડવાની ઘણી મહેનત કરવા લાગ્યા, પણ કિલ્લામાંના બહાદુર લશ્કરે તીર વગેરેનો સખત મારો ચલાવી વારંવાર તેમને હાંકી કાઢ્યા.

૭. લાંબી મુદતના ઘેરાથી કિલ્લાની અંદરનો ખોરાક ખૂટી જવા આવ્યો. ભુવડના વારંવાર હુમલાથી જયશિખરના ઘણા યોદ્ધાઓ માર્યા ગયા, અને ભૂવડના સખત જાપતાને લીધે બીજું નવું લશ્કર કે ખોરાકી બહારથી મળી શકે તેવું રહ્યું નહિ. લોકો પણ પોતાનાં માબાપ, ભાઇભાંડું. અને છોકરાંઓના માર્યા જવાથી શોકમાં ડુબી ગયા હતા. આવી હાલત થયા છતાં જયશિખરે જરા પણ હીંમત છોડી નહિ.

૮. આ વખતે ભુવડે, જયશિખરનો શૂરવીર સાળો સુરપાળ જે પંચાસરના લશ્કરનો મુખ્ય સેનાપતિ હતો, તેને લાલચો આપી ફોડવાની તજવીજ ચલાવી, પણ તે ખરો સ્વામિભકત રજપૂત વીર જરા પણ ડગ્યો નહિ અને પોતાનું પરાક્રમ બતાવવા લાગ્યો.

૯. જો દરવાજો ઉઘાડી કિલ્લો સોંપી દઇ ભુવડને શરણે જવામાં આવે, તો બાકીના માણુસો જીવતા રહે અને ઓછી ખરાબી થાય તેમ હતું પણ જયશિખરે તેમ કર્યું નહિ, કારણ કે તે વખતના રજપૂતો આબરૂ ખોઇ શરણે જવા કરતાં લડાઇમાં મરવાનું વધારે પસંદ કરતા હતા.

૧૦. અંતે બાવનમે દિવસે પંચાસરના કિલ્લામાં મોટું ગાબડું પાડી ભુવડનું લશ્કર અંદર દાખલ થયું. જયશિખર અને તેનું બાકીનું લશ્કર ઘણી બહાદુરીથી લડયું. પણ ભુવડના લશ્કરની સંખ્યા મોટી હોવાથી એ બધું સૈન્ય કપાઇ ગયું. જયશિખર માર્યો ગયો, અને પંચાસર નગર ભુવડના હાથમાં આવ્યું. આ ધમાધમીમાં, જયશિખરની ગર્ભવંતી રાણી રૂપ-

સુંદરીને તેના ભાઈ સૂરપાળ સાથે કિલ્લામાંથી છુપી બારીએથી વનમાં મોકલી દીધી. ભૂવડે શૂરવીર રાજા જયશિખરને માનપાન સાથે અગ્નિસંસ્કાર આપી, તે ઠેકાણે એક દેવળ ચણાવી આપ્યું.

૧૧. ભુવડ ગુજરાતમાં પોતાની તરફનો રાજ્ય ચલાવવા અધિકારી મૂકી સ્વદેશ પાછો ગયો અને ગુજરાતની ઉપજ પોતાની કુંવરી મીનળદેવીને આપી દીધી.

(૬) રાજાની રાણી અને ભીલડીની ઝુંપડી.

(વનરાજની વાત.)

૧. પંચાસર નગરથી કેટલેક દૂર એક નાના જંગલમાં એક રાજાની રાણી દુઃખની મારી આવીને રહેલી હતી. વખતને બદલાતાં વાર લાગતી નથી. જે રાણીએ કદી મહેલની બહાર પગ દીધો નહોતો, તે આજ ટાઢ તડકો વેઠીને ચાકર નોકર વગર ગરીબડી બનીને એક ભીલના ઝુંપડામાં આવી રહેલી છે! વખત તડકા છાયાની પેઠે બદલાયા કરે છે, માટે માણસોએ ચડતીમાં ફુલાઈ જવું નહિ, ને પડતીમાં ગભરાઈ જવું નહિ. ભીલ લોકો બહુ માયાળુ હોય છે, અને પોતાના રાજારાણીને બહુ ચાહે છે, તથા તેમની ચાકરી ઘણી હોંશથી કરે છે. એ આપણા રાજા જયશિખરની રાણી રૂપસુંદરી છે, એવી ખબર ભીલ લોકોને ઘણી મોડી પડી હતી. તેમણે પ્રથમ તો આ કોઈ મોટા માણસની સ્ત્રી છે, એમ ધાર્યું હતું. પણ પાછળથી તે પોતાના રાજાની રાણી છે એમ જાણતાં તેમણે રૂપસુંદરીની ઘણી ચાકરી કરી હતી. સૂરપાળ તો તેને આ જંગલમાં મૂકી ભુવડના માણસોને હેરાન કરવા એક નાની ટોળી ઉભી કરી સોરઠના ડુંગરોમાં જઈ રહ્યો હતો. આ ભીલની

ઝુંપડીમાં વૈશાખી પુનમે રાણી રૂપસુંદરીએ એક કુંવરને જન્મ આપ્યો. કુંવર અવતરવાથી રાણી કેવી રાજી થઇ હશે અને શા શા વિચાર બાંધતી હશે, તે તમે જાણી શકશો.

૩. એક વખતે એ જંગલમાં ફરતા ફરતા જૈન ધર્મના શીલગુણસૂરિ નામે સાધુ આવી ચઢયા. "પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય." તેમ એક વર્ષના સુંદર રાજકુમારને જોઇ તેમને લાગ્યું કે આ મોટો થશે, ત્યારે જરૂર નામ કાઢશે. આવાં માણસ વગડામાં રહેવાને લાયક નથી, એમ જાણી ભીલોને સમજાવી તેમને તે પોતાને અપાશરે તેડી ગયા. ભલી ભીલડીઓથી જુદા પડતાં રાણી દીલગીર થઇ.

શીલગુણસૂરિએ આ કુંવરનું નામ, તે વનમાં જન્મેલો હોવાથી વનરાજ એટલે જંગલનો રાજા (સિંહ) પાડયું. એ કુંવરે આગળ જતાં એ નામ ખરૂં કરી દેખાડયું.

૪. ભુવડે પોતાના સરદારોને હુકમ આપ્યો હતો કે રાણી રૂપસુંદરી, તેનો ભાઇ સુરપાળ, તે રાણીને કાંઇ બાળક અવતર્યું હોય તો તે સઘળાને જેમ બને તેમ વેળાસર પકડી લેજો. આથી એ બધાને જંગલમાં છાનું રહેવું પડતું. અપાશરામાં પણ તેમણે બીજાં નામ ઠામ ધારણ કરેલાં હોવાથી તેમને કોઇ કુંવર કે રાણી તરીકે ઓળખતું નહોતું. પોતાના રાજાને રાજ પાછું મળે તો ઘણું સારૂં, એવી રૂડી ઇચ્છાથી ભીલ કે સાધુ વગેરે બીજા જાણીતા માણસો એ વિષે બીજે કયાંય પણ વાત કરતા નહોતા. પોતાની બહેન રૂપસુંદરીને કુંવર અવતર્યો છે, તથા તે અપાશરામાં સુખી છે, એવી ખબર સુરપાળને મળી હતી. પછી કુંવર મોટો થતાં તે નાનપણથી જંગલનાં દુઃખ વેઠતાં શીખી હોશીઆર થાય અને હથીઆર વાપરતાં પણ શીખે, એમ ધારીને સુરપાળ, શીલગુણસુરિ પાસે

આવ્યો ને શ્રાવકોને સમજાવી વનરાજને પોતાની સાથે સોરઠના મોટા જંગલમાં તેડી ગયો.

૫. વનુભા (વનરાજ) શીલગુણસૂરિના અપાસરામાં રહેતો હતો, ત્યારે છોકરાઓની સાથે ભારે ગમત કરતો. ગામનાં છોકરાંને ભેગાં કરી પોતે બધાનો રાજા થતો, એકાદ છોકરાને સેનાપતિ બનાવતો, થોડાક છોકરાની એક લશ્કરી ટુકડી ઉભી કરતો, અને કોઇને હરાવતો, એમ નાનપણથી તેનામાં રાજવંશી ગુણ પ્રકાશતા હતા. વનરાજ જે ગામમાં મોટો થયો હતો, તે ઝાલાવાડ પ્રાંતની પશ્ચમે જીંઝુવાડા નજીક આવેલું હાલનું વણોદ (વનોદ) છે, એમ કેટલાકનું કહેવું છે. ત્યાં વનાવ માતાનું દહેરૂં પણ છે.

---

(૭) પાટણનો રાજા વનરાજ ચાવડો.

૧. રાજાઓ તરફથી જ્યારે કોઇ ભાયાત, ગરાશીયા કે બીજા કોઇ જાગીરદારનો ગરાસ કે કાંઈ હક્ક લઇ લેવામાં આવે છે, ત્યારે તે ગુસ્સે થઇ પોતાની ટોળી સાથે જંગલ કે ડુંગરામાં જતા રહે છે. પછી બીજા લુંટારાઓને પોતાની સાથે મેળવી લઇને તેઓ પોતાનું જોર વધારે છે, અને ત્યાંથી વારે ઘડીએ નીકળી આવી રૈયતને લૂટે છે, કોઇને પકડી જાય છે, ગામ બાળે છે, લૂટી લે છે અને પાછા જંગલમાં ભરાઇ જાય છે, આવા લોકોને બહારવટીઆ કહે છે. તેઓ રાજ્યની બહાર જંગલમાં કે ડુંગરમાં અજાણી જગાએ રહી ઉપર કહેવા પ્રમાણે રાજા રૈયતને હેરાન કરે છે, અને વારે ઘડીએ મુકામ બદલ્યા કરે છે, તેથી રાજાના માણસો તેમને પકડી શકતા નથી વળી તેઓ ઘેરથી મરણીઆ થઇનેજ બહાર નીકળેલા હોય છે,

એટલે તેમને મરવાની બીક થોડી રહે છે; અને રાજાના માણસો મરવાથી ડરે છે, તેથી તેઓ એકદમ બહારવટીઆ ઉપર ધસતા નથી. ઈંગ્રેજ સરકારના રાજમાં બહારવટાં બંધ પડયાં છે ને આપણે બધા સુખશાંતિમાં રહીએ છીએ.

૨. કાઠિઆવાડના જે ભાગને હાલ સોરઠ કહેવામાં આવે છે, તેમાં ગીરનું મોટું જંગલ છે. હાલ તેનો ઘણો ભાગ જુનાગઢને તાબે છે ને થોડો ભાગ ગાયકવાડ સરકારને તાબે છે. પણ આપણે જે વખતની વાત કરીએ છીએ તે વખતે એનો બધો ભાગ જુનાગઢને તાબે હતો. એ જંગલ હાલ ૩૦ ગાઉ લાંબું અને ૧૦ ગાઉ પહોળું છે, પણ આગલા વખતમાં તે ઘણું મોટું હતું. આ મોટા જંગલમાં સુરપાળ રહેતો અને ભુવડના રાજ સામે બહારવટું કરતો હતો. વનરાજને આ જંગલમાં સુરપાળ તેડી લાવ્યો, અને તેને લડાઈની વિદ્યા શિખવી હોંશિઆર બનાવ્યો. મોટી મોટી લુટ કરવાથી તે ભુવડના અધિકારીઓને જલદી જાણીતો થયો, તેથી તેનો નાશ કરવા માટે તેમણે પાકો બંદોબસ્ત કર્યો. જો વનરાજ પકડાય તો તેનું શું થાય, તે તમે તરત કહી શકશો કે તેને મારી નાંખવામાં આવે. આથી તમે સમજી શકશો કે બહારવટું કરવામાં જીવનું જોખમ છે. હંમેશાં પકડાઇ જવાની બીકને લીધે જંગલમાં રહેવું પડે છે, તેમાં પણ કોઇ જાણે નહિ માટે વારંવાર પોતાનું રહેઠાણ બદલવું પડે છે.

૩. આવા જીવસટાના વખતમાં અણહીલ નામે ભરવાડે જંગલમાં સંતાઇ રહેવાના આડા અવળા રસ્તા બતાવ્યા હતા, તે તથા ચાંપો નામે વાણીઓ+ તેનો મુખ્ય મદદગાર હતા.

+ વનરાજ બહારવટું કરતો હતો ત્યારે કોઈ ગામ તરફ ચાંપો જતો હતો તેને તેણે અટકાવ્યો. ચાંપાએ ગુસ્સે થઈને પોતાની

એકવાર સુરપાળનો ઘોડો પુર જોસમાં દોડયો આવતો હતો. તે વેળા ઝાડની ડાળી માથામાં વાગવાથી તેનું મોત થયું. આથી વનરાજ બહુજ દિલગીર થયો, પણ તેના સોબતીઓનું મંડળ વધવાથી ને તે મોટી ઉમ્મરનો થવાથી ન ગભરાતાં હીંમત રાખી પોતાનું કામ આગળ ચલાવવા લાગ્યો.

૪. ભુવડ પછી ગાદીએ બેસનારા રાજાની નબળાઇને લીધે ગુજરાતનો બંદોબસ્ત મોળો પડયો. મીનળદેવીના અમલદારો ગુજરાતની ઉપજમાંથી રૂપિઆ, ઘોડા, બીજાં ઢોર વગેરે ઘણો માલ લઇને પોતાના દેશમાં જતા હતા, એ વાતની વનરાજને ખબર મળી, તેથી તેણે આસપાસના ઘણા લડવૈયા એકઠા કરી એકદમ મીનળદેવીના માણસો ઉપર હલ્લો કર્યો અને લડાઇ થઇ તેમાં બંને તરફના કેટલાક માણસો મરાયા અને વનરાજની જીત થઇ, તેણે બધો માલ પડાવી લઇ મીનળદેવીનાં માણસોને ગુજરાતમાંથી નસાડી મૂક્યાં ને પૈસા વડે ફોજમાં વધારો કરી પોતાનો મુલક પાછો મેળવ્યો.

૫. પોતાના બાપનું રાજ્ય પાછું મેળવવાથી વનરાજ કેટલો બધો રાજી થયો હશે? અને લોકો પણ કેટલા બધા રાજી થયા હશે? પચાસ વરસની ઉમ્મર સુધી બહારવટાનું દુઃખ વેઠી અંતે હીંમત અને ધીરજ વડે વનરાજે પોતાના બાપનું રાજ પાછું મેળવ્યું.

પાસેનાં પાંચ બાણમાંથી બે ભોંય પર ફેંકી દઈ ત્રણ બાણથી વનરાજની સામે થવાને તૈયારી કરી. આ ઉપરથી વનરાજે પૂછ્યું કે અલ્યા બે બાણ કેમ ફેંકી દીધાં? ચાંપાએ જવાબ આપ્યો કે તમે ત્રણ જણ છો તેથી ત્રણ બાણજ બસ છે. આવી તેની ચતુરાઈ અને હીંમત જોઈ વનરાજે તે વાણીઆને ત્યારથી પોતાનો કારભારી બનાવ્યો હતો.

૬. આ વેળા પંચાસર ઉજડ થઇ ગયું હતું તેથી તેણે સરસ્વતી નદીને કાંઠે એક નવું શહેર વસાવ્યું ને તેમાં જુદી જુદી જાતનાં ઘણાં માણસ આવીને રહ્યાં. એ શહેરનું નામ પોતાના સોબતી અણહીલ ભરવાડના નામ ઉપરથી તેણે અણહીલપુર પાટણ પાડયું. ઇ. સ. ૭૪૬. ત્યાર પછી આશરે સાડીછસેં વરસ સુધી એ શહેરમાં ગુજરાતની રાજગાદી રહી. એ શહેર હાલમાં વડોદરાના ગાયકવાડ સરકારને તાબે છે. પોતાનાં ઘરડાં માતુશ્રી રૂપસુંદરી તથા શીલગુણસૂરિને વનરાજ આ શહેરમાં ઘણા માનથી તેડી લાવ્યો, ને ત્યાં રીત પ્રમાણે ગાદીએ બેસવાની ક્રિયા કરી પોતે ગાદીએ બેઠો. તેણે ચાંપાને પોતાનો કારભારી ઠરાવ્યો. એ ચાંપાએ ચાંપાનેર નામે પ્રખ્યાત શહેર વસાવ્યું હતું. હાલમાં એ શહેરના ખંડેર પાવાગઢના ડુંગર પાસે છે, એ ડુંગર પર કાળકા માતાનું દહેરૂં છે.

૭. આ બળવાન રાજાએ પોતાના રાજ્યનું સારી રીતે રક્ષણ કર્યું, ને પ્રજાને ઘણું સુખ આપ્યું. એ ૬૦ વરસ રાજ્ય

---

* ગુજરાતમાં ચાવડા વંશના રાજાઓ.

વનરાજ ઈ. સ.	૭૪૬	થી	૮૦૬–૬૦
યોગરાજ ,,	૮૦૬	થી	૮૪૨–૩૬
ક્ષેમરાજ ,,	૮૪૨	થી	૮૬૬–૨૪
ભુવડ ,,	૮૬૬	થી	૮૯૫–૨૯
વીરસિંહ ,,	૮૯૫	થી	૯૨૦·૨૫
રત્નાદિત્ય ,,	૯૨૦	થી	૯૩૫–૧૫
સામંતસિંહ,,	૯૩૫	થી	૯૪૨–૭

(આ વંશાવળી ગોખાવવા માટે નથી પણ સંબંધ જાણવા માટે આપેલી છે.)

કરી ૧૧૦ વરસની ઘણી લાંબી ઉમ્મરે પોતાની પાછળ મોટું રાજ મૂકી મરણ પામ્યો.

૮. વનરાજે પાટણમાં પંચાસરા પારસનાથનું દેવળ બંધાવ્યું છે. તેમાં પારસનાથની મૂર્ત્તિ મૂકાવેલી છે, તે હજી સુધી પાટણમાં છે. એમાંનું રાજાનું ચિત્ર રાસમાળામાં આપેલું છે, તેમાં રાજાએ દાઢી રાખી છે, કાનમાં કુંડળ, હાથે કડાં, પગે તોડા અને કોટમાં કંઠો પહેરેલો છે, ટુંકું ધોતીઉં પહેરી કેડે કમરબંધ બાંધ્યો છે અને ખભે ઉપરણો નાંખ્યો છે. રાજાની પાસે એક જણ છત્ર ધરીને ઊભો છે, અને બીજા પાંચ હજુરીઆ ઊભા રહેલા છે.

૯. વનરાજ પછી યોગરાજ ગાદીએ બેઠો તે વનરાજ જેવો શૂરો રાજા હતો. તેના દીકરા ક્ષેમરાજે સોમનાથપાટણ પાસે વેપારીનાં વહાણ લૂટયાં, તે તેને બીલકુલ ગમ્યું નહી ને તેણે તેને બહુ ઠપકો આપ્યો. ત્યાર પછી ભુવડ અને વીરસિંહ રાજા થયા. પછી રત્નાદિત્ય બળવાન અને સદાચરણી રાજા થયો તેણે પ્રજાને સુખી કરી. ત્યાર પછી તેનો પુત્ર સામંતસિંહ ગાદીએ બેઠો.

---

(૮) મામાને મારી રાજ્ય લેનાર મુળરાજ.

સોલંકી વંશમાં રાજ શી રીતે ગયું?

૧. પાટણની ગાદીએ બસો વરસમાં વનરાજ સુદ્ધાં ચાવડા વંશના સાત રાજા થયા. છેલ્લો રાજા સામંતસિંહ દારૂડીઓ હતો. દારૂની ખરાબ ટેવમાં દ્વારકાંના જાદવ કુળનો નાશ થઇ ગયાનું આપણે બીજી વાર્તામાં કહી ગયા છીએ. દારૂ પીનારને બોલવાનું ભાન હોતું નથી, અને પોતે શું કરે છે, તે જાણતો નથી. તેનું શરીર તદન નબળું પડી જાય છે, તેને બરાબર ભૂખ લાગતી નથી, તે ઘડીમાં કાંઇ અને ઘડીમાં કાંઇ

બોલે છે, તેથી તેના બોલવા પર કોઇ ભરોસો રાખતું નથી. રાજા દારૂના નીશામાં હોય, ત્યારે રાજમાં શું થાય છે, તે કોઇ જાણી શકે નહિ, તેથી અમલદારો પોતાની મરજી પ્રમાણે વરતે, રાજમાં અંધેર વધી જાય ને તેથી પ્રજા દુઃખી થાય.

૨. દારૂના ઘેનમાં સામંતસિંહે પોતાને પુત્ર નહિ હોવાથી પોતાના ભાણેજને પાટણની ગાદીએ બેસાડયો. તેના જન્મ વખતે તેની મા લીલાદેવી મરણ પામવાથી તેને પેટ ચીરીને કાઢવામાં આવ્યો હતો. તે મૂળ નક્ષત્રમાં અવતરવાથી તેનું નામ મુળરાજ પાડવામાં આવ્યું હતું.+ એ જન્મ્યો ત્યારથીજ પાટણમાં રહેતો હતો અને મામાના દરબારમાં ઉછરી મોટો થયો હતો.

+ ગુજરાતમાં સોલંકી વંશના રાજાઓ.

મૂળરાજ	ઈ૦ સ૦	૯૪૨ થી ૯૯૭— ૫૫
ચામુંડ	,,	૯૯૭ થી ૧૦૧૦-૧૩
વલ્લભસેન	,,	૧૦૧૦– ૧૦૧૦-૦-૬ માસ
દુર્લભસેન	,,	૧૦૧૦– ૧૦૨૨—૧૨
ભીમદેવ પહેલો	,,	૧૦૨૨– ૧૦૭૨—૫૦
કરણ	,,	૧૦૭૨– ૧૦૯૪—૨૨
સિદ્ધરાજ જયસિંહ	,,	૧૦૯૪– ૧૧૪૩—૪૯
કુમારપાળ	,,	૧૧૪૩—૧૧૭૪—૩૧
અજેપાળ	,,	૧૧૭૪—૧૧૭૭—૩
મૂળરાજ બીજો (બાળમૂળરાજ	,,	૧૧૭૭-૧૧૭૯-૨
ભીમદેવ બીજો (ભોળોભીમ)	,,	૧૧૭૯-૧૨૪૨-૬૩
ત્રિભુવનપાળ	,,	૧૨૪૨– ૧૨૪૪– ૨

(આ વંશાવળી ગોખાવવા માટે નથી, પણ સંબંધ જાણવા માટે આપેલી છે.)

૩. જયશિખરીને મારનાર ભુવડ વિષે તમે કેટલીક હકીકત જાણી છે. એ ભુવડની આઠમી પેઢીએ થયેલો રાજ નામનો કુંવર પોતાનો દેશ છોડી નોકરી શોધવા તથા જાત્રા કરવા આ દેશમાં આવ્યો હતો, તેની હોશિઆરી જોઇ રત્નાદિત્યે પોતાની દીકરી લીલાદેવીને તેની સાથે પરણાવી હતી. એ રાજનો પુત્ર આ મૂળરાજ. જયશિખર ચાવડા વંશનો અને ભુવડ સોલંકી વંશનો હતો, તે તો તમારા જાણવામાં છે.

૪. સામંતસિંહને કેફ ઉતરી ગયા પછી ભાન આવતાં તેણે મૂળરાજને ગાદી આપવાની ના પાડી, પણ રાજમાં મૂળરાજનો લાગવગ ઘણો હતો, તેથી તેણે લશ્કર એકઠું કરી સામંતસિંહ ઉપર હુમલો કર્યો, ને તેને મારી નાંખ્યો. ચાવડા વંશનો કોઇ માણસ પાછળથી પોતાને હેરાન ન કરે, માટે તેણે મામાના બધા કુટુંબનો નાશ કર્યો, ને પોતે અણહીલપુરની ગાદીએ બેઠો.

૫. સોલંકી વંશનો મૂળરાજ હક વગર ગુજરાતનો રાજા થઈ પડયાનું જાણી ઉત્તરમાંથી અજમેર અને દક્ષિણમાંથી તૈલંગણના રાજાએ ગુજરાત ઉપર ચડાઈ કરી. બંનેની સાથે એકજ વખતે લડી શકાય તેમ નહિ હોવાથી અજમેરના રાજાને ઘણું ધન આપી પાછો કાઢયો, ને તેલંગણના લશ્કર સાથે લડાઇ કરી તેના સેનાપતિ બાર્પને હરાવી મારી નાખ્યો.

---

(૯) મૂળરાજની વાર્તા.

ગ્રહરિપુ સાથે મૂળરાજને થયેલી લડાઇ.

૧. હાલના કાઠિઆવાડને અસલ સોરઠ કહેતા. તમે કોઇએ સોરઠમાં આવેલો ગિરનારનો ડુંગર જોયો છે ? ગિરનાર ઉપર ચડી તમે સવારમાં ચારે તરફ નજર કરો, તો તમને આજુ

બાજુનાં ગામડાં તથા ડુંગર તેના ઊંડા રસ્તા સહિત ઝાડોથી ભરપૂર જણાશે. જમીનથી જેમ જેમ ઊંચા ચઢીએ તેમ તેમ ઠંડો પવન આવે છે, તેથી એ ડુંગર ઉપર મજાનો ઠંડો પવન તમારા શરીરને લાગશે, ફુલ તથા પડોપાંદડી વગેરેની ખુશ કરે એવી સારી વાસ આવશે, સુંદર પક્ષીના જુદા જુદા રાગ સંભળાશે, ને તમારૂં મગજ આનંદથી શીતળ થઇ જશે.

૨. આ ડુંગરમાં ભાગેલો એક કિલ્લો છે. એ જુના વખતમાં જુનાગઢના રાજાને લૂટનો માલ તથા લડાઇનો સામાન ભરી રાખવાને માટે બહુ કામ લાગતો.

૩. સોમનાથ પાટણ વિષે આગળ તમને કહેવામાં આવ્યું છે. હાલમાં રેલ્વેના સાધનવડે ત્યાં જવું બહુ સહેલું થયું છે, પણ અગાઉ તેવાં સાધન નહોતાં, તેથી મોટાં મોટાં જંગલમાં થઇને જવું પડતું, અને એકાદ બે નહિ, પણ ઝાઝાં માણસ એકઠાં થઇને સોમનાથ મહાદેવની જાત્રા કરવા જતાં. સોરઠનો એટલે ગિરનારનો રાજા આવા જાત્રાળુઓને ઘણીવાર લૂટી દુઃખ દેતો.

૪. રાજાનું મુખ્ય કામ એ છે કે, રૈયતનું રક્ષણ કરવું આથી શૂરવીર મૂળરાજે તેનું જોર તોડવા માટે સોરઠ ઉપર ચડાઇ કરી. સોરઠનો રાજા પોતાની ફોજ સાથે લડવા તૈયાર થયો. એનું નામ ગ્રહરિપુ હતું. આ વખતે કચ્છમાં લાખો નામે રાજા રાજ કરતો હતો, તેને અને આ ગ્રહરિપુને ઘણી દોસ્તી હતી. એ લાખાએ કાઠિઆવાડમાં પ્રથમ બાજરીનું વાવેતર (સિંધમાંથી બી લાવીને) કરાવ્યું હતું એમ કહેવાય છે. ભાઇબંધને મદદ કરવા એકદમ લાખો સોરઠમાં આવ્યો. પછી કાઠિઆવાડના મધ્યભાગે આવેલા આટકોટ ગામ પાસે ભાદર નદીના કાંઠાપર બંને ભાઇબંધો મૂળરાજની સામા થયા,

પણ તેમાં તેઓ મરાયા ને મૂળરાજ આજુ બાજુનો મુલક તાબે કરી જાત્રાળુઓનું દુઃખ મટાડી પાછો પાટણ ગયો.

૫. મોસાળમાં ઉછરી મોટો થયો હતો, એ ગુણ મનમાં ન લેતાં મૂળરાજે મામાના આખા કુટુંબનો નાશ કર્યો. એથી ઘડપણમાં એને ઘણો પસ્તાવો થયો. અને એ પાપથી હું શી રીતે છૂટીશ? એવા વિચાર તેને વારંવાર આવવા લાગ્યા. તેથી જાત્રા કરવી, દેહરાં બંધાવવાં, ધર્મની કથાઓ સાંભળવી, દાન કરવું, વગેરે પુણ્યનાં કામ તે કરવા લાગ્યો તેણે ઉત્તર હિંદમાંથી ઘણા બ્રાહ્મણને તેડાવીને પોતાના દેશમાં વસાવ્યા, અને તેમને સીહોર, ખંભાત વગેરે ઘણાં ગામ દાનમાં આપ્યાં. એ ગામો મળવાથી ઝાલાવાડ તથા ગોહિલવાડના ઔદિચ્ય બ્રાહ્મણો જમીનદાર છે. વળી તેણે શ્રીસ્થળમાં (સિદ્ધપુરમાં) રૂદ્રમાળ નામે શંકરનું એક મોટું દેવળ ચણાવવા માંડ્યું, પણ તે તેના વખતમાં પૂરૂં થયું નહિ.

૬. માણસોને જેમ જેમ મોત નજીક આવતું જાય છે, તેમ તેમ પોતાનાં પાપ યાદ આવે છે, ભારે પસ્તાવો થાય છે, ને પરમેશ્વરની ભક્તિ કરવાનું સૂઝે છે; માટે માણસોએ નાનપણથીજ પાપથી (ભુંડાં કામથી) બ્હીતાં રહેવું, અને બની શકે તેટલાં સારાં કામ કરવાં.

૭. મૂળરાજ ગુજરી ગયા પછી, ચામુંડ, વલ્લભસેન અને દુર્લભસેન નામે રાજા થયા, તેમના વખતમાં કાંઇ જાણવા જોગ બનાવ બન્યો નથી. ચામુંડ, પોતાના પિતા મૂળરાજના વખતમાં ચંચળ અને બળવાન હતો, પણ પાછળથી આળસ તથા મોજશોખમાં પડી જવાથી તે સારો રાજા કહેવાયો નહિ. તેણે મૂળરાજ જીવતાં નર્મદા અને મહી નદીની વચ્ચે આવેલો લાટ દેશ જીતી લીધો હતો. વલ્લભસેન શીતળાના રોગથી મરણ પામ્યો. તેના ભાઇ દુર્લભસેન પછી તેનો ભત્રીજો ભીમદેવ ગાદીએ બેઠો.

(૧૦). સોમનાથનું ખેદાનમેદાન.

૧. આ વખતે હિંદુસ્તાનની બહારના દેશોમાં એક નવી પ્રજા મુસલમાની ધર્મ પાળનારી હતી. હિંદ દેશ મોટે ભાગે મૂર્તિને પૂજનારો છે, અને મુસલમાનો મૂર્તિને માનતા નથી, તેથી એ પ્રજાને હિંદુઓ સાથે ધર્મનું વેર ઉત્પન્ન થયું હતું.

૨. ધર્મનું અભિમાન જુદાજ પ્રકારનું છે, ધર્મ સાચવવા માટે માણસો મરણીઆ થાય છે. મુસલમાની ધર્મ સ્થાપનાર પેગંબર મહમદ સાહેબનો જન્મ અરબસ્તાનના મક્કા શહેરમાં આજથી આશરે ચૌદસેં વર્ષ ઉપર થયો હતો. તેમના બોધથી ત્યાંના લોકો પોતાના ધર્મને એટલા બધા ચહાતા હતા, કે તેમણે તરવારના જોરથી ઘણા ભાગમાં એ ધર્મ ફેલાવ્યો.

૩. હિંદુસ્તાનની વાયવ્ય કોણમાં આવેલા ગીઝની શહેરમાં **મહમદ ગજનવી** નામે જબરો બાદશાહ રાજ્ય કરતો હતો. તેણે પૈસાના લોભથી હિંદુસ્તાન ઉપર ઘણી સ્વારીઓ કરી મોટાં મોટાં દેવળો તોડી મૂર્તિઓ ભાગી નાંખી હતી.

૪. આ વખતે સોરઠમાં આવેલું સોમનાથ મહાદેવનું દેવળ ઘણું વખણાતું હતું. તેમાં ઘણી દોલત એકઠી કરવામાં આવી હતી. એ દેવળના ખરચ માટે આસપાસના રાજાઓએ ઘણાં ગામ બક્ષિસ આપ્યાં હતાં. બે હજાર બ્રાહ્મણ દરરોજ ત્યાં પૂજા કરતા, ૩૦૦ ગવૈયા, અને જાત્રાળુની હજામત કરવા ૪૦૦ હજામ રહેતા ! મહાદેવને નવરાવવા માટે ઠેઠ ગંગા નદીથી કાવડીઆ રાખીને ગંગાજળ મંગાવવાની ગોઠવણ કરી હતી. એ પ્રમાણે એક મોટા રાજ્યના જેવો સોમનાથ મહાદેવનો ઠાઠ હતો.

૫. આ દેવળની દોલત તથા તેનાં વખાણુ સાંભળીને મહમુદે તે લુંટવાનો વિચાર કર્યો, ૨૦ હજાર ઉંટપર લડાઈનો સામાન ભરીને મોટા લશ્કર સાથે તે મુલતાન થઈ રણ ઉતરી ગુજરાતમાં આવી પહોંચ્યો, ને વગર હરકતે સોમનાથ પાટણ આવ્યો. ઇ. સ. ૧૦૨૪.

૬. પાટણનો—ગુજરાતનો રાજા આ વખતે હિંદુસ્તાનમાં જબરો ગણાતો હતો., પણ મહમુદ ઓચિંતો આવી પહોંચવાથી તે સામે થઈ શક્યો નહિ, અને પાછળથી લશ્કર એકઠું કરી તે મહમુદની પાછળ ગયો. આ રાજાનું નામ ભીમદેવ હતું. એ લડવામાં બહાદુર હતો.

૭. દેવનું રક્ષણ કરવાને બીજા કેટલાક નાના રાજાઓ પણ પ્રભાસપાટણના કોટની અંદર એકઠા થઈ ગયા હતા. એ બધાએ બે દિવસ સુધી મહમુદને ફાવવા દીધો નહિ, અને ત્રીજે દીવસે તો ભીમદેવ પોતાના લશ્કર સાથે તેમને આવી મળ્યો તેણે ભારે લડાઇ મચાવી. હર હર મહાદેવ કરતું તેનું લશ્કર મુસલમાનો ઉપર તુટી પડ્યું, અને મુસલમાનો પણ "યાઅલ્લા" ના પોકાર કરતા સામા થયા. એ લડાઇમાં પ્રથમ તો ઘણા મુસલમાનો મરાયા, પણ અંતે મરણીઆ થયેલા મુસલમાનોએ જીત મેળવી. પછી મહમુદ કોટ ઉપર ચડી શહેરમાં પેઠો, પૂજારીઓએ ઘણા કાલાવાલા કર્યા, અને ઘણું ધન આપવાનું કહ્યા છતાં તેણે સોમનાથ મહાદેવનું લિંગ (મૂર્ત્તિ) તોડી પાડી તેના ત્રણ કડકા કર્યા, અને તે મક્કા મદીના તથા ગીજનીમાં મોકલી દીધા. તેણે દેવાલય તથા શહેર લુંટી ઉજડ જેવું કરી મૂક્યું. જે લોકો વહાણુમાં બેસી નાસી ગયા તે જીવતા રહ્યા, ને બીજા મરણ પામ્યા અથવા વટલાયા.

૮. સોમનાથ મહાદેવનું દેવળ ત્યાર પછી કેટલાક રાજાઓએ સમરાવ્યું હતું, પણ બીજા મુસલમાન બાદશાહોના

હુમલાથી તેનો ઘણીવાર નાશ થયો હતો, તેથી પ્રભાસપાટણમાં સોમનાથ મહાદેવનું નવું દેવળ બંધાવવામાં આવ્યું છે; અને આજે સમુદ્ર કાંઠે આશરે નવસેં વરસ ઉપરના જુના દેવળનું ખંડેર જોવામાં આવે છે.

૯. ભીમદેવ હારીને કંથકોટમાં ભરાયો હતો, તેથી મહમુદે ગીજની પાછા જતાં એના પર હલ્લો કર્યો, પણ ત્યાંથી ભીમદેવ નાસી ગયો. પછી મહમુદ ગીજની ગયો. માર્ગમાં ભૂલો પડવાથી તે બહુ દુ:ખી થયો હતો, ને પાણી વગર સિંધના રણમાં તેનું ઘણું લશ્કર મરી ગયું હતું.

૧૦. મહમુદ ગયા પછી ભીમદેવ પાછો પાટણ આવ્યો, મુસલમાનો વારંવાર હિંદુસ્તાનપર ચડી આવતા, તેથી તેમને અટકાવવા હિંદુરાજાઓએ સંપ કર્યો, તેમાં આ ભીમદેવ ભળ્યો નહિ; કેમકે તેણે અણહિલવાડનું રાજ હમણાં પાછું મેળવ્યું હતું, અને તે દૂર હોવાથી તેને બીજા રાજાઓના જેટલી બીક નહોતી, પણ એક સંપી રાજાઓ સાથે ન ભળવામાં તેણે ભૂલ કરી. તે બીજા રાજાઓ સાથે ભળ્યો હોત, તો બીજાઓના બળમાં વધારો થાત, અને મુસલમાનોને અટકાવી શકત.

૧૧. એક સંપમાં ન ભળવાથી અજમેરનો રાજા વિશળદેવ ગુજરાત ઉપર ચડી આવ્યો, તેમાં ભીમદેવ હાર્યો, ને વિશળદેવ જીતની નિશાની માટે વિસલનગર વસાવીને પાછો ગયો. વિશળદેવ ગયા પછી ત્રીજે વરસે ભીમદેવે સિંધ દેશ જીતી લીધો. એના વખતમાં માળવામાં ભોજરાજા રાજ કરતો હતો એ રાજા વિદ્યાનો શોખીન હોવાથી તેણે પોતાના રાજમાં મોટા મોટા વિદ્વાનો રાખ્યા હતા; તે વિદ્યાને સારો આશરો આપતો હતો. ભીમદેવના વખતમાં વિમળશાહ નામે એક પૈસાદાર શ્રાવક રહેતો હતો, તેણે આબુ ઉપર દેલવાડામાં તથા

અંબાજી પાસે કુંભારીઆમાં સુંદર જૈન દહેરાં બંધાવ્યાં હતાં એ દહેરાં હાલ પણ છે. ભીમ ચામુંડનો પૌત્ર હતો.

---

(૧૧). સિદ્ધરાજ–મીનળદેવીની વાર્તા.

૧. ભીમદેવ તીર મારવામાં હોશિઆર હતો, તેથી તે બાણાવળી કહેવાય છે. તેની પછી તેનો દીકરો કરણરાજા ગાદીએ બેઠો. એ કરણ મીનળદેવી નામે રાણીને પરણ્યો હતો. એ મીનળદેવીએ પાલણપુરમાં સિદ્ધરાજ જયસિંહ નામે કુંવરને જન્મ આપ્યો. ઇ. સ. ૧૦૯૧. ભીલ લોકોને હરાવી કરણે કરણાવતી નગરી વસાવી તથા કરણસાગર તળાવ બંધાવ્યું.

૨. સિદ્ધરાજ ૩ વરસનો થયો ત્યારે રમતાં રમતાં પોતાના બાપની ગાદી ઉપર ચઢી બેઠો. તેથી તે વખતે સારૂં મુહૂર્ત જાણી કરણ રાજાએ તેને અણહીલપુર પાટણની ગાદીએ રાજરીત પ્રમાણે બેસાડયો, ત્યાર પછી થોડા વખતમાં કરણ ગુજરી ગયો.

૩. સિદ્ધરાજ નાનો હોવાથી તેની મા મીનળદેવી કારભાર ચલાવતી હતી. તમારામાંથી કોઇએ વીરમગામનું મુનસર અને ધોળકાનું મલાવ તળાવ જોયું હશે. લોકોના સુખને માટે પાણીની તાણ ન પડે તેટલા સારૂ એ બે મોટાં તળાવ મીનળદેવીએ બંધાવ્યાં હતાં. તેણે સિદ્ધરાજ પાસે જાત્રાળુ ઉપરના કેટલાક વેરા બંધ કરાવ્યા હતા.

૪. લોકોને સુખી કરવા માટે સિદ્ધરાજ ઘણી મહેનત લેતો. તેણે પાટણમાં એક મોટું તળાવ ખોદાવ્યું હતું. એ તળાવ બાર વરસે તૈયાર થયું હતું. એમ કહેવાય છે. તેને ફરતી શંકરની હજાર દેરીઓ બંધાવી હતી, તે પરથી એ ત-

ળાવનું નામ સહસ્રલિંગ પડયું હતું એ તળાવની નિશાનીઓ હજી પાટણમાં છે.

૫. મીનળદેવીના ઇન્સાફ વિષે એક વાત ચાલે છે કેઃ— ધોળકામાં મલાવ બંધાવતી વેળા એના પૂર્વ કિનારાપર એક નાયકાનું ઘર આવેલું હતું. તે પાડી નાખ્યા વગર તળાવનો ઘાટ જરા વાંકો થતો હતો, તેથી મીનળદેવીએ તે વેચાતું લેવા માગણી કરી. પણ નાયકાએ તે ન આપ્યું, તેથી રાણીએ જોર જુલમ ન કરતાં એટલી જગા પડતી રાખી બીજે પાળ બંધાવી. એ ઉપરથી ગુજરાતમાં કહેવત ચાલે છે કે, " ઇન્સાફ જોવો હોય, તો મલાવ તળાવ જુઓ."

---

૧૨. સિદ્ધરાજ અને કુંભાર કન્યા રાણકદેવી.

૧ ફરી એકવાર આપણે જુનાગઢ તરફ નજર કરીએ. જુનાગઢ પાસેના મજેવડી ગામમાં હડમત નામે એક પરદેશી કુંભારને ત્યાં રાજદરબારમાં શોભે તેવી એક રૂપાળી કન્યા હતી. સિદ્ધરાજના ભાટોએ એ કન્યા કોઇ રાજકુળની છે, એમ જાણી તેનું સગપણ પોતાના મહારાજા સાથે કર્યું.

૨. જુનાગઢમાં આ વખતે ગ્રહરિપુના વંશનો રાખેંગાર નામે રાજા રાજ કરતો હતો. પોતાના રાજ્યમાંથી સિદ્ધરાજ આવું કન્યા રત્ન પરણી જાય, એ તેને ઠીક ન લાગ્યું, તેથી તે પોતે પરણી બેઠો.

૩. બહાદુર મહારાજા સિદ્ધરાજ જયસિંહ આ અપમાન ખમી શકયો નહિ, અને તરત તેણે જુનાગઢ ઉપર ચઢાઇ કરવાની તૈયારી કરી. માર્ગમાં તેણે કેટલાંક ગામને કોટ બંધાવ્યા, અને કેટલાક ગામમાં વાવ કૂવા વગેરે જરૂરનાં નવાણ

કરાવ્યાં. વઢવાણનો ગઢ, સાયલાનું તળાવ, આનંદપુરનો ગઢ, સરધારનું તળાવ વગેરે બાંધકામ તેણે આ વખતે બંધાવ્યાં હતાં,

૪. રાખેંગાર આવા બળવાન મહારાજા સાથે લડાઇમાં ટકી શકે તેમ નહોતો, તેથી તે પોતાના ગિરનાર ઉપર બાંધેલા મજબુત કિલ્લામાં ભરાઇ બેઠો. ડુંગરના છાના માર્ગે અનાજ વગેરે મળી શકવાથી તે બાર વરસ સુધી પોતાનો બચાવ કરી શક્યો. એ બાર વરસના ઘેરામાં રાણકદેવીને (માણેરો અને ડગાયચો) એ કુંવર અવતર્યા હતા.

૫. બાર વરસ તો શું, પણ બીજા ચોવીસ વરસ થઇ જાય, તોપણ સિદ્ધરાજ જીત કર્યા વગર પાછો જાય તેવો નહોતો. એવામાં રાખેંગારના ભાણેજ ફુટીને સિદ્ધરાજને મળવાથી તે ગિરનારનો મજબુત કિલ્લો જીતી શક્યો. તેમણે રસ્તો બતાવી સિદ્ધરાજના લશ્કરને કિલ્લામાં દાખલ કર્યું. પછી રાખેંગાર પોતાનાં થોડાં માણસ લઇ બહાદુરીથી લડયો, પણ અંતે મરાયો અને રાણકદેવી સિદ્ધરાજના હાથમાં આવી.

૬ રાખેંગારને મારી સોરઠને ગુજરાત સાથે જોડી દઇ ત્યાં પોતાનો એક સુબો નીમી, રાણકદેવીને લઇ સિદ્ધરાજ પાટણ તરફ રવાના થયો. આખે રસ્તે તેને ઘણું એ સમજાવ્યું, તોપણ એ પવિત્ર રાણીએ સિદ્ધરાજ સાથે ફરીથી પરણવા ચોખ્ખી ના પાડી. સિદ્ધરાજે બીક દેખાડી તેની નજર આગળ તેના બે વહાલા કુંવરને મારી નાખવાનું નિર્દય કામ કર્યું, તોપણ તે સતી રાણી જરાએ ડગી નહિ. આખરે થાકીને તેની મરજી પ્રમાણે સિદ્ધરાજ તેને માનપાન સાથે વઢવાણ લાવ્યો, ને ત્યાંની ભોગાવા નદીમાં તેને સતી થવા દીધી. સિદ્ધરાજે એ ઠેકાણે બંધાવેલું દહેરું, હજુ પણ વઢવાણમાં ભો-

બાવાને કોઠે કિલ્લાની અંદર છે. +

૭ આ રાણકદેવી કુંભારની કન્યા નહોતી, પણ સિંધના એક નાના રાજાની કુંવરી હતી. જન્મ વખતે જોષીએ વહેમ ઘાલવાથી જીવતી જંગલમાં મૂકી દીધી હતી. તે ત્યાંથી હડમત કુંભારના હાથમાં આવીને તેને ઘેર ઉછરી મોટી થઇ હતી.

(૧૩) સિદ્ધરાજ—યશોવર્માનો વાર્તા

૧ સિદ્ધરાજની નાની ઉમ્મરમાં જ્યારે તે ગુજરાતમાં ફરવા ગયો હતો, ત્યારે માળવાના રાજા યશોવર્માએ પાટણ ઉપર ચઢાઇ કરી હતી. એ વેળા પ્રધાન પાસે પુરતું લશ્કર ન હોવાથી સામે ન થતાં તેણે ધન આપી યશોવર્માને પાછો કહાડયો હતો. સિદ્ધરાજને આ વાત ગમી નહિ, તેથી તેણે માળવા ઉપર ચડાઇ કરી.

+રાણકદેવી અને રાખેંગારના દુહા કાઠીઆવાડમાં ઘણી અસર કરે તેવી રીતે બોલાય છે. એમાંના થોડા આ નીચે લખ્યા છે:—માણેરા નામે મોટા કુંવરને, સિદ્ધરાજ કિલ્લા ઉપર મારવા લાગ્યો. ત્યારે તે રાણકદેવીની સોડમાં ભરાઈ જવા લાગ્યો, એ વખતે દેવીએ તેને કહ્યું કે:—

૧ માણેરા તું મ રોય, મ કર આંખો રાતીયો,
લાગે કુળમાં ખોય, મરતાં, મા ન સંભારીયે:

૨ ઉંચો ગઢ ગિરનાર, વાદળથી વાતું કરે;
મરતાં રાખેંગાંર, ખરેડી ખાંગો નવ થયો,

પાટણ જતાં બોલી કે—

(૩) બાળુ પાટણ દેશ, જીસે પટોળા નીપજે,
સરજ્યા સોરઠ દેશ, લાખેણી મળે લોબડી,

(લોબડી=શાલ જેવી જરીયાની ઓઢણી)

વિશેષ હકીકત રાસ માળામાંથી શિક્ષકે કહી બતાવવી.

૨. આગળ માળવામાં જવાનો રસ્તો અઘરો હતો, પણ હાલ જો તમે માળવામાં જવાનું ધારો, તો ગોધરા-રતલામ રેલવેને રસ્તે માળવામાં જવાશે. આગલા વખતમાં રેલવેનું સાધન નહોતું, અને ગુજરાત તથા માળવાની હદ વચ્ચે ઘણી ઝાડી તથા મોટાં જંગલ હતાં, તે વખતે માળવાની રાજધાની ધારાનગરીમાં હતી. (હાલ તેને ધાર કહે છે.)

૩. સિદ્ધરાજે ધારાનગરને ઘેરો ઘાલ્યો, અને આસપાસનો મુલક ઉતાવળે તાબે કરી લીધો, પણ ધારાનગર જીતાયું નહિ. ઘણાં વરસ વીતી જવાથી તે ગુસ્સે થઇ બોલ્યો કે, યશોવર્માને પકડી તેની ચામડીનું મ્યાન થશે નહિ, ત્યાં સુધી મારી તરવાર ઉઘાડી રહેશે અંતે બાર વરસે યશોવર્મા પકડાયો, તેની ચામડી ઉતરાવવા સિદ્ધરાજે હુકમ કર્યો, પણ તેના ડાહ્યા પ્રધાને સમજાવીને સહેજ ચામડી ઉતરાવી તરવારે બંધાવી એ ઘાતકી હુકમનો અમલ થવા ન દીધો.

૪. પછી માળવાને ગુજરાત સાથે જોડી દઇ યશોવર્માને કેદ કરી સાથે લઇ સિદ્ધરાજ પાટણ આવ્યો. પાટણમાં આવ્યા પછી તે યશોવર્મા સાથે સારી રીતે વર્તતો ને તેનું માન સાચવતો હતો.

૫. સિદ્ધરાજના જોરાવર લશ્કરથી દક્ષિણ તથા ઉત્તરના કેટલાક રાજા ડરતા, ને તે નાખુશ ન થાય તેવી રીતે ચાલતા.

૬. આ પ્રતાપી અને બહાદુર રાજા ગુજરી ગયો, ત્યારે તેને પુત્ર નહોતો તેથી લોકો કહે છે કે, રાણકદેવીએ મરતી વખત દીધેલો શાપ ખરો પડયો. ગુજરાતના રજપુત રાજાઓમાં તે સૌથી વધારે જાણીતો છે. તેના રાજનો વિસ્તાર પણ માળવા, સોરઠ, વગેરે જીતવાથી વધ્યો હતો. તેણે રૈયતના સુખને માટે તળાવ, કુવા, દહેરાં વગેરે ઘણાં કામ કરાવ્યાં હતાં.

આજ પણ કોઇ ખંડેર, વાવ કૂવા, કે તળાવ જોઇને લોકો બોલી ઉઠે છે કે, એ તો સધરાજેસંગે કરાવ્યું હશે. ગુજરાતમા તે હજી "સધરાજેસંગ" ને નામે જાણીતો છે. રૂદ્રમાળનું દહેરૂં સમરાવી બ્રાહ્મણોને ઘણું દાન આપી એણે શ્રીસ્થળનું નામ પોતાના નામપરથી સિદ્ધપુર પાડયું.

૭ તેના ઇન્સાફ વિષે એક વાત ચાલે છે, કે ખંભાતમાં એકવાર હિંદુ મુસલમાનો લડયા, અને તેના આગેવાનો ફર્યાદ કરવા પાટણ આવ્યા, ત્યારે તેમને ધીરજ આપી પાછા કાઢયા. પણ થોડા દહાડા પછી પોતે વેશ બદલી ખંભાત ગયો, અને શહેરમાં ફરી તમામ હકીકત મેળવી લીધી. પછી પાટણમાં બંને જાતના મુખ્ય માણસોને તેડાવી શિક્ષા કરી. મુસલમાનોને મસીદ બંધાવી આપી ને હિંદુને ઠપકો આપ્યો. આ મુસલમાનો વેપાર કરવા દરિયા માર્ગે આવેલા.

૮. સિદ્ધરાજ માળવે જતાં પોતાનો રથ પહાડી રસ્તે ન ચાલવાથી એક ગામમાં મૂકી ગયો ને બધા લોકોને સાચવવાની ભલામણ કરી. અજ્ઞાન લોકોએ તેના કડકા કરી જુદા ભાગ સાચવી રાખ્યા! પછી સિદ્ધરાજે રથની આવી દશા જોઇ, ત્યારે તેમની મૂર્ખાઇ ઉપર હસી કાંઇ શિક્ષા કરી નહિ. વળી માળવેથી પાછા આવતાં રસ્તામાં ઉંઝા ગામમાં મુકામ કર્યો, ત્યારે ત્યાંના કણબી તેના તંબુએ સલામ કરવા આવ્યા, ને પોતાની નાતની રીત પમાણે સિદ્ધરાજનો પાથરેલો પલંગ જોઇ તે ઉપર ચઢી બેઠા. સિપાઇએ ના પાડી તો પણ તેમણે માન્યું નહિ. પછી સિદ્ધરાજ તંબુમાં આવ્યો ત્યારે કાંઇ બોલ્યો નહિ, ને બધાને તેણે માન આપ્યું. એવો તે મોટા દિલનો રાજા હતો. ૪૯ વરસ રાજ્ય કરી બાવન વરસની ઉમ્મરે તે ઇ. સ. ૧૧૪૩ માં મરણ પામ્યો.

(૧૪) હેમાચાર્ય.

૧ હેમાચાર્ય, જૈન ધર્મના સાધુ હતા. તેમનો જન્મ આશરે આઠસેં વરસ ઉપર (સને ૧૦૮૮) ધંધુકા ગામમાં એક મોઢ વાણિઆને ત્યાં થયો હતો. તેમનો બાપ શૈવ ધર્મ પાળતો હતો, અને મા શ્રાવક ધર્મ પાળતી હતી. નાનપણુમાં તેને ચાંગદેવ કહેતા. તેની પાંચ વરસની ઉમ્મર હતી, ત્યારે ધંધુકામાં જૈનધર્મના આચાર્ય દેવચંદ્રસૂરિ ફરતા ફરતા આવ્યા. તે આ બાળકની હોશિઆરી જોઇ તથા આગળ જતાં તે કોઇ પ્રખ્યાત માણુસ થશે, એવાં લક્ષણુ જોઇ, તેની માને સમજાવી પોતાની સાથે તેડી ગયા, પછી તેને નવમે વર્ષે સાધુ બનાવ્યો, ને તેનું નામ સોમદેવ મુનિ પાડયું.

૨. દેવચંદ્રસૂરિએ સોમદેવને બધાં શાસ્ત્ર ભણુવાની ગોઠવણુ કરી આપી, તેથી તે પોતાની હોશિઆરીથી થોડા વરસમાં ઘણું ભણ્યો. એણે ૨૧ વરસની ઉમ્મરે એટલી બધી વિદ્યા મેળવી, કે તેના ગુરૂએ તેને આચાર્યના મોટી પદવી આપી અને સાધુઓનો મુખી બનાવ્યો, ત્યારથી તે હેમાચાર્યને નામે ઓળખાવા લાગ્યો.

૩. તેણે પોતાની વિદ્યા તથા ચતુરાઇથી ગુજરાતનો રાજા સિદ્ધરાજ શ્રાવક ધર્મમાં નહોતો તો પણુ તેનો ઘણો પ્યાર મેળવ્યો હતો. સિદ્ધરાજના વખતમાં એ પંડિતે ઘણા ગ્રંથ લખ્યા હતા. એ ગ્રંથો કાંઇ જૈન ધર્મનાજ નહોતા, પણુ સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણુ, કોષ વગેરે ઘણી જાતના, સર્વને કામ લાગે તેવા હતા. તેણે સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાના વ્યાકરણુનો એક ગ્રંથ બનાવી તેની સાથે પોતાનુ તથા રાજાનું નામ જોડી, તેનું નામ સિદ્ધહૈમ રાખ્યું હતું. એ ગ્રંથ હજી ઘણો વખણુાય છે. સિદ્ધરાજે એ વ્યાકરણુ પોતાને બેસવાના

હાથી ઉપર માન સાથે પધરાવીને પોતાના પુસ્તકસંગ્રહમાં મૂકાવ્યું હતું અને તેની ઘણી નકલો લખાવીને રાજ્યની મોટી મોટી પાઠશાળામાં મોકલી હતી.

૪. સિદ્ધરાજ પછી તેનો પિત્રાઇ કુમારપાળ ગાદીએ બેઠો, સિદ્ધરાજ પોતાની પછી એને ગાદીએ બેસાડવા રાજી નહોતો, તેથી તેને રાજા થતા પહેલાં ગુજરાતમાંથી નાસી જવું પડયું હતું. એ સંકટના વખતમાં તેને હેમાચાર્યે ઘણી મદદ કરી હતી, તેથી કુમારપાળે તેને પોતાનો ગુરૂ માન્યો અને શૈવધર્મ છોડી પોતે જૈનધર્મ પાળવા લાગ્યો. કુમારપાળે પોતાના રાજમાં એવો સાદ પડાવ્યો હતો, કે કોઇએ જીવહિંસા કરવી નહિ. તેણે માંસ તથા દારૂનો ત્યાગ કર્યો હતો. પોતાના ઘોડાઓને પણ તે ગાળ્યા વગરનું પાણી પીવા દેતો નહિ.

૫. સિધ્ધરાજ તથા કુમારપાળના વખતમાં આ હેમાચાર્ય પંડિતે જૈનધર્મની મોટાઇ બતાવવાને મોટા મોટા બ્રાહ્મણ પંડિતો સાથે સભા ભરી વાદ કર્યા હતા. આ મોટા પંડિતે ૮૪ વર્ષની ઉમ્મરે દેહત્યાગ કર્યો. હેમાચાર્ય જેવો પંડિત ગુજરાતમાં બીજો થયો નથી. ગુજરાતમાં થયેલા પ્રખ્યાત પંડિતોમાં હેમાચાર્ય સૌથી સરસ ગણાય છે. કુમારપાળના વખતમાં "દ્વયાશ્રય" (બે આશ્રય) નામે કાવ્ય બનાવી ઘણું માન મેળવ્યુ હતું. સોલંકી વંશના રાજાઓની હકીકત સાથે વ્યાકરણના નિયમ સમજાય તેવી ગોઠવણ (ભટ્ટી કાવ્ય જેવી) એ કાવ્યમાં છે. ×

× હેમાચાર્ય અને બીજા જૈન ગ્રંથકારોએ લખેલાં પુસ્તકો ઉપરથી ગુજરાતનો ઈતિહાસ તૈયાર કરવામાં વિદ્વાનોને ઘણી મદદ મળી છે.

(૧૪) રાજા કુમારપાળ.

૧. સિદ્ધરાજ પછી તેના કાકાના દીકરાનો દીકરો કુમારપાળ ગાદીએ બેઠો. સિદ્ધરાજની બીકથી તેને ગામેગામ છાની રીતે ભટકવું પડયું હતું, તે વેળા જે લોકોએ એને મદદ કરી હતી, તે બધાને એણે આ વખતે સારી રીતે રાજી કર્યા. ×હેમાચાર્ય પંડિતના બોધથી અને તેમણે સંકટ વેળા કરેલા ઉપકારના બદલામાં કુમારપાળે પોતાના બાપદાદાનો શૈવધર્મ બદલી જૈનધર્મ ગ્રહણ કર્યો. એ પચાસ વરસની પાકી ઉમ્મરે ગાદીએ બેઠો÷

૨ ઉદાયન મંત્રી નામે સિદ્ધરાજના પ્રધાને કુમારપાળને

× કુમારપાળને ભટકતી હાલતમાં સિદ્ધરાજના માણસોથી જે કુંભારે બચાવ્યો હતો, તેને ગાદીએ બેસતી વખત ૭૦૦ ગામોનો અધિપતિ બનાવ્યો, ત્યારથી એ કુંભારના વંશજો પોતાને કુંભાર કહેતાં શરમાય છે, ને તેથી તેઓ પોતાને સગરા રજપુત કહેવડાવે છે.

÷ કુમારપાળને ગાદી મળવા વિષે એક વાત ચાલે છે કે:– સિદ્ધરાજની મરજી કુમારપાળને ગાદી આપવાની નહોતી, તેથી પ્રધાનોએ દરબાર ભરી સિદ્ધરાજના ઓરમાન કાકા ક્ષેમરાજના દીકરાના દીકરા ત્રિભુવનપાળના ૩ કુંવર, મહીપાળ, કીર્તિપાળ, અને કુમારપાળને ગાદીએ બેસાડવા તેડી આણ્યા. પછી મોટા મહીપાળને ગાદીએ બેસાડવાનું કહેતાં, તે બાયલાની પેઠે બેઠો. તેથી તેને નાલાયક ઠરાવ્યો. બીજા કીર્તિપાળને બેસાડી પૂછયું કે તમે શી રીતે રાજ્ય ચલાવશો ? ત્યારે તેણે કહ્યુ, કે "તમે જેમ રસ્તો બતાવશો તેમ" એથી તેને પણ નબળો ગણી ઉઠાડી મુક્યો. છેવટે કુમારપાળને ગાદીએ બેસાડી સામંતોએ પૂછયું કે તમે શી રીતે રાજ્ય ચલાવશો? ત્યારે તે એક શુરવીરની પેઠે પોતાની તરવાર ખેંચી બોલ્યો કે, "આ તરવારના બળથી હું રાજ્ય ચલાવીશ" તેથી તેને લાયક ગણી ગાદીએ બેસાડયો.

દુઃખના વખતમાં ઘણી મદદ કરી હતી; તેથી કુમારપાળે તેના દીકરાઓને મોટી જગ્યાઓ આપી. એ મંત્રીનો વાહડ નામે દીકરો સિદ્ધરાજના પક્ષનો હતો, તેથી તે કુમારપાળ ગાદીએ બેસવાથી નારાજ થયો હતો. તેણે નાગોર (અજમેર) ના રાજાને સમજાવ્યો કે કુમારપાળમાં કાંઇ દમ નથી, અને તે પોતાના બનેવી સિદ્ધરાજના સેનાપતિ કાનદેવની મદદથી ગાદીએ બેઠો છે, માટે તમે આ વખતે ગુજરાત ઉપર ચઢાઇ કરશો તો જરૂર ફતેહ મેળવશો.

૩ એથી નાગોરનો રાજા આનક ગુજરાતપર ચઢયો. કુમારપાળ તેને અટકાવવા માટે સામો ચાલ્યો, અને બંને તરફના કેટલાંક માણસ મરાયા પછી નાગોરના લશ્કરમાં ભંગાણ પડયું. કુમારપાળે તાકીને એક તીર આનક રાજાને માર્યું, તેથી તે ભોંય ઉપર પડયો અને કુમારપાળની જીત થઇ. એ પછી આનક રાજાએ પોતાની કુંવરી કુમારપાળને પરણાવી તેની સાથે સલાહ કરી. એવામાં ખબર મળી કે માળવાના રાજાને વશ કરવા ગયેલા સરદારો શત્રુ સાથે મળી ગયા ને બધું લશ્કર ગુજરાત ઉપર ચઢી આવે છે. તેથી કુમારપાળ ફોજ લઇ તેની સામે ગયો, અને માળવાની ફોજને હરાવી ગુજરાત બહાર હાંકી મૂકી.

૪ એક દહાડો કોકણ દેશના કેટલાક બારોટ કુમારપાળના દરબારમાં આવી પોતાના રાજાનાં વખાણ કરવા લાગ્યા, કે તે બધાનો ઉપરી અને બળવાન છે. એથી કુમારપાળને ક્રોધ ચડયો, ને તે રાજાને જીતવા માટે એણે ઉદાયનના દીકરા અમરભટને કેટલીક ફોજ આપી મોકલ્યો. પહેલીવાર તે હારીને પાછો આવ્યો, પણ બીજીવાર વધારે ફોજ લઇને લડવા જતાં જીત્યો અને ત્યાંના રાજાને મારી ઘણી લૂંટ મેળવી, એ દેશમાં કુમારપાળની દુવાઇ ફેરવીને પાછો આવ્યો.

૫. સિદ્ધરાજની પેઠે કુમારપાળ પણ વિદ્વાનોને આશ્રરો આપતો. એના વખતમાં હેમાચાર્યં પંડિતે, પાછળ કહેલું "દ્વયાશ્રય" તથા બીજાં પુસ્તકો બનાવી પાટણના જૈનભંડારમાં ઘણાં પુસ્તકોનો વધારો કર્યો હતો. પાટણનો જૈનભંડાર આજ પણ વખણાય છે. તેમાંનાં કેટલાંક પુસ્તક છપાઇને બહાર પડયાં છે.

૬. આ રાજા ચોમાસામાં મુસાફરી ન કરવી, હિંસા ન કરવી, યજ્ઞમાં પશુને હોમવાં નહિ, દારૂ માંસ વાપરવાં નહિ. વગેરે જૈન ધર્મના કેટલાક નિયમ બરાબર પાળતો. પાછળ કહેવા પ્રમાણે તે પોતાનાં જાનવરોને પણ અણગળ પાણી પાવા દેતો નહિ+

૭ તેણે શેત્રુંજા, પાટણ, સોમનાથ પાટણ, ખંભાત વગેરે ઠેકાણે સુંદર જૈન દહેરાં બંધાવ્યાં હતાં. વળી હેમાચાર્યની જન્મભૂમિ ધંધુકામાં તથા તે પંડિતે ખંભાતમાં જે અપાસરામાં બેસી તેને રાજ્ય મળવાનું ભવિષ્ય કહેલું, તેની પાસે એણે જૈન દેવળ બંધાવ્યાં હતાં. તેની સાથે શિવ ધર્મને આશ્રરો આપવા તે પછાત પડતો નહિ. કેટલાક જાત્રાવેરા માફ કરી સોમનાથ મહાદેવનું દહેરૂં એણે સમરાવ્યું હતું. સિદ્ધરાજની પાછળ તેણે નીતિ અને બહાદુરીથી રાજ્ય ચલાવી પોતાનું નામ પ્રખ્યાત કર્યું હતું. તે ૧૧૭૪ માં ૮૦ વર્ષની મોટી ઉમરે અપુત્ર મરણ પામ્યો.

+ આવી રીતે રાજા જૈનધર્મ પાળતો, તોપણ હેમાચાર્યે કદી શૈવ ધર્મ ઉપર જુલમ થવા દીધો નથી. સોમનાથ મહાદેવનું દેવળ રાજાએ તેની સલાહથી બંધાવ્યું હતું. બધાના માનવામાં એમ હતું કે હેમાચાર્ય સોમનાથને પગે લાગશે નહિ પણ હેમાચાર્યે સર્વ ધર્મ સરખા માન આપવાલાયક છે એમ બતાવી આપ્યું હતું.

૮. કુમારપાળ પછી તેના ભાઇ મહીપાળનો કુંવર અજયપાળ ગાદીએ બેઠો. તેણે જૈન ધર્મને ઘણી હરકત કરી. એ દ્વેષી અને ઘાતકી હતો. કપર્દી નામે જૈન મંત્રીને તેણે ઉકળતા તેલમાં નાંખી ક્રુર રીતે મરાવ્યો. પછી અમરભટે હેમાચાર્ય તથા કુમારપાળનાં વખાણ કર્યાં તેથી તેને મારવા પોતાની હજુરમાં બોલાવ્યો. પણ એ બહાદુર સરદાર ઘણાં માણસોને માર્યાં પછી મુઓ. હેમાચાર્યના વિદ્વાન શિષ્ય રામચંદ્ર નામે જૈનને એણે કપર્દીની જગા આપી હતી, તે પણ રાજાના જુલમથી કંટાળી મરણ પામ્યો.

૯. હિંદુ શાસ્ત્રમાં કહેલું છે કે, ઘણાં ભુંડાં કામનો બદલો ત્રણ માસે કે ત્રણ વરસે મળે છે, તેમ આ જુલમી રાજાને બરાબર બદલો મળ્યો. ગાદીએ બેઠા પછી ત્રીજે વરસે તેના જુલમી સ્વભાવથી કંટાળેલા એક પોળીઆએ, તેની છાતીમાં કટાર ભોકી તેનો જીવ લીધો.

૧૦. તેની પછી તેનો કુંવર બાળમૂળરાજ ગાદીએ બેઠો. તેના વખતમાં શાહબુદ્દીન નામે મુસલમાન પાદશાહ ગુજરાત ઉપર ચઢી આવ્યો હતો, પણ તેના કાકા ભોળાભીમદેવે એ બાદશાહને હરાવી હાંકી કાઢયો. એ બાળમૂળરાજ નાની ઉમ્મરમાં ગુજરી જવાથી ભોળોભીમ ગાદી ઉપર બેઠો.

---

(૧૬) ભોળાભીમની વાર્તા.

૧. બે બિલાડી અને વાંદરાની વાત તમે સાંભળી હશે. હમેશાં બે જણ લડે તેમાં ત્રીજો ફાવી જાય. હિંદુસ્તાનના રજપુત રાજાઓ એક બીજા સાથે નજીવી બાબત માટે માંહો માંહે લડી નબળા પડયા હતા તેથી તેમનું કૌવત ઘટી ગયું

હતું. આવા વખતમાં હિંદ જીતવાને ટાંપી રહેલા મુસલમાન બાદશાહોને ઠીક લાગ મળ્યો.

૨. "જમીન, જોરૂ (સ્ત્રી), અને જર (પૈસા) એ ત્રણ કજીઆનાં ઘર." આ કહેવત પ્રમાણે સ્ત્રી બાબતના કજીઆમાં ગુજરાત અને અજમેરના રાજાઓ તથા દિલ્હી અને કનોજના રાજાઓ અંદર અંદર કપાઇ મરતા હતા. હિંદમાં આ ચાર રજપુત રાજ્યો મુખ્ય હતાં.

૩. આબુના પરમાર વંશના રાજાને ઇચ્છિનકુમારી નામે એક સ્વરૂપવાન કન્યા હતી, તેનું સગપણ દિલ્હીના બળવાન રાજા પૃથ્વીરાજ ચોહાણ સાથે થયું હતું; છતાં ગુજરાતના રાજા ભોળાભીમદેવે એ કન્યાનું સગપણ પોતાની સાથે કરવા માગણી કરી. આથી આબુના રાજાએ એ કન્યાને, પૃથ્વીરાજનો બાપ સોમેશ્વર, જે અજમેરનો રાજા હતો, તેને ત્યાં એકદમ પરણાવવા મોકલી દીધી. પૃથ્વીરાજને મોસાળ તરફથી દિલ્હીની બાદી મળી હતી, તેથી તે ત્યાં રહેતો.

૪. ભીમ ભલો, ઉતાવળીઓ, અને લાંબો વિચાર નહિ કરી શકે એવો હોવાથી તેને ભોળોભીમ કહેતા. તે લડવામાં બહાદુર હતો, પણ તેનામાં ડહાપણની ખામી હતી તેથી તે તરત વગર વિચારે આબુના પરમાર ઉપર હુમલો કરવા ચાલ્યો ત્યાંના રાજાને હરાવી તે અજમેર ગયો. અજમેરમાં સોમેશ્વર સાથે ભારે યુદ્ધ થયું, તેમાં સોમેશ્વર મરાયો અને ભીમ ફુલાઇને પાટણ પાછો આવ્યો.

૫ બાપનું મરણ સાંભળી પૃથ્વીરાજના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેણે ઉતાવળે લશ્કર એકઠું કર્યું અને પછી ગુજરાત જીતવા ચાલ્યો- સાબરમતી નદીના કાંઠા ઉપર પૃથ્વીરાજ અને ભોળાભીમ વચ્ચે જબરૂં યુદ્ધ થયું. બંને તરફના ઘ

જારે યોદ્ધા મરવાથી સાબરમતીનું પાણી લોહીથી ભરાઇ ગયું! અંતે પૃથ્વીરાજ જીત્યો, અને ભોળોભીમ હારી નાસી ગયો.

૬. કનોજનો રાજા જયચંદ્ર અને પૃથ્વીરાજ, એ બંને માસીઆઇ ભાઇ હતા, દિલ્હીના રાજાએ પોતાના રાજ્યના ભાગ ન પાડતાં પોતાના ભાણેજ પૃથ્વીરાજને બધું રાજ્ય આપ્યું. એથી જયચંદ્ર અર્ધો ભાગ લેવા માટે પૃથ્વીરાજ સાથે તકરાર કરતો હતો. એવામાં જયચંદ્રની ખુબસુરત કુંવરી સંયોગતા પૃથ્વીરાજ બહાદુર સાથે પરણવા ઇચ્છા રાખતી હતી, તેને તે છાનોમાનો ઉપાડી ગયો, તેથી વેરમાં વધારો થયો. અને એ બંને રાજાઓ માંહોમાંહે લડી નબળા પડયા. વળી કાંઇ ન ચાલ્યું ત્યારે જયચંદ્ર ટુંક બુદ્ધિથી શાહાબુદ્દીન જેવા દુશ્મનને મળી ગયો.

૭. આ બધો લાગ જોઇ ગીઝનીનો શાહબુદ્દીન બાદશાહ હિંદ ઉપર ચડી આવ્યો. એકવાર તો પૃથ્વીરાજે તેને હાર ખવરાવી હાંકી કાઢયો; પણ બીજીવાર પાનીપતના મેદાનમાં (જ્યાં પાંડવ કૌરવનાં લાખો માણુસ કપાઇ મુઆં હતાં, ત્યાં) જબરું યુદ્ધ થયું. તેમાં પૃથ્વીરાજનું લશ્કર કપાઇ ગયું; તેનો બનેવી ઉદેપુરનો શુરવીર રાણો સમરસિંહ મરાયો, અને પૃથ્વીરાજ કેદ પકડાઇ માર્યો ગયો.

૮. આ વખતે ગુજરાતના તથા કનોજના રાજાએ પૃથ્વીરાજને મદદ કરી હોત, તો દિલ્હીની ગાદી મુસલમાનોના હાથમાં જાત નહિ, પણ ઉપર કહેલાં કારણને લીધે તેમણે હિંદુ રાજ્યોનું અભિમાન છોડી દઇ કાંઇ મદદ કરી નહિ. તેથી તેના કડવાં ફળ તેમને પણ ચાખવાં પડયાં. એક પછી એક અજમેર તથા કનોજનાં રાજ્ય, શાહબુદ્દીને જીતી લીધાં, અને તેના સરદાર કુતબુદ્દીને ગુજરાત પણ જીતી લીધું. પરંતુ ગુજરાતનું રાજ્ય,

ઝાઝા વખત સુધી મુસલમાનોના હાથમાં રહ્યું નહિ. કેમકે શાહબુદીન ગુજરી જવાથી કુતબુદીન દિલ્હીમાં રોકાઇ રહ્યો; અને તે આ તરફ ન આવવાથી રજપુતોએ ગુજરાત પાછું હાથ કર્યું.

---

(૧૭) વાઘેલા રાજા અને વાણીઆ પ્રધાન.

(વસ્તુપાળ, તેજપાળ અને વિશળદેવ.)

સોલંકી વંશના રાજા નબળા પડી જવાથી તેમની વાઘેલા નામની શાખા જોધપર આવી. ભોળાભીમના પ્રધાન લવણુપ્રસાદના બાપને કુમારપાળે વાઘેલ ગામની જાગીર આપી હતી, તે ઉપરથી તેના વંશવાળા વાઘેલા રજપુત કહેવાયા.× ભીમદેવના મરણ પછી લવણુપ્રસાદ તથા તેના શૂરવીર કુંવર વીરધવળે ધોળકા જીતી લઇ ત્યાં પોતાની ગાદી કરી હતા, અને પોતાના પ્રધાનની જગાએ વસ્તુપાળ તથા તેજપાળ નામે જૈનધર્મી પોરવાડ વાણીઆ નીમ્યા હતા.

૨. વસ્તુપાળ તથા તેજપાળ એ બંને ભાઇ, હાલના વાણીઆ જેવા ભડાકો સાંભળી ભડકે તેવા બ્હીકણુ નહોતા, પણ લડવામાં બહાદુર હતા. તેમણે ખંભાત, ગોધરા, સૌરાષ્ટ્ર વગેરે જીતી આપી વાઘેલા રાજાઓના મુલકમાં ઘણો વધારો કર્યો. એ બંને ભાઇ, રાજાના પ્રધાન કરતાં સુંદર જૈન દેવળ બંધાવનાર તરીકે ગુજરાતમાં વધારે પ્રખ્યાત છે. ગીરનાર, આબુ અને શેત્રુંજા ઉપર તેમણે કરોડ રૂપીઆ ખરચી શોભાયમાન જૈન દહેરાં બંધાવ્યાં છે. એ સિવાય કુવા, વાવ, તળાવ બંધાવવામાં પણ ઘણા પૈસા ખરચ્યા હતા.

× લવણુપ્રસાદનો બાપ અર્ણોરાજ, કુમારપાળનો મસિઆઇ ભાઇ થાય.

૩. વીરધવળે પોતાના રાજ્યમાં ઘણો વધારો કર્યો, પણ તે ગુજરાતના રાજા તરીકે મનાયો નહોતો. મુલક જીતવાની સાથે રૈયતને સુખ આપવામાં પણ તે ઘણી કાળજી રાખતો હતો. તેને બે દીકરા હતા. તેમાં મોટા કુંવર વીરમદેવના ચઢાઉ સ્વભાવને લીધે તેની સાથે બનતું નહિ, તેથી તેને વીરમગામમ રાખ્યો હતો. બીજા કુંવર વિશળદેવ ઉપર તેની પ્રીતિ હતી તેથી પોતાની પછી તેને ગાદી મળે એવી ગોઠવણ કરી હતી.

૪. વીરધવળ ગુજરી ગયો ત્યારે મોટો કુંવર વીરમદેવ ગાદી લેવા માટે આવ્યો, પણ વસ્તુપાળે તેને હરાવી મારી નાખ્યો, અને વિશળદેવ નિરાંતે ગાદીએ બેઠો. પણ એણે પોતાના ભાઇ તરફની મોટી બીક મટયા પછી પોતાના બાપ દાદાના વખતના ડાહ્યા તથા શૂરા વાણિયા પ્રધાનોને રજા આપી નાગડ નામે બ્રાહ્મણને કારભારી બનાવ્યો.

૫. અણહીલપુર પાટણ તરફ આપણે એકવાર ફરીથી નજર કરીએ. ભોળાભીમ પછી ત્યાં ત્રિભુવનપાળ નામે નબળો રાજા ગાદીએ બેઠો હતો. વાઘેલા રાજાઓએ તેનો ઘણો મુલક જીતી લેવાથી તેના રાજની હદ ઘણી ટુંકી થઇ ગઇ હતી અને તે ગુજરાતનો નામનો મહારાજા કહેવાતો હતો. કેમકે આખા ગુજરાત ઉપર તેનો હુકમ ચાલતો નહોતો.

૬. શૂરવીર વિશળદેવ રાજાએ ગુજરાત ઉપર ચડાઇ કરી ત્યાંના નબળા રાજા ત્રિભુવનપાળને ઉઠાડી મૂકયો અને પોતે અણહીલપુરની ગાદીએ બેસી ગુજરાતના મહારાજનું પદ ધારણ કર્યું. તેણે પોતાના રાજ્યનો સારો બંદોબસ્ત કરી ગુજરાતના મહારાજાનું પદ જાળવી રાખ્યું. એણે વિસનગર તથા ડભોઇના કિલ્લા બંધાવ્યા. સોલંકી વંશ ત્રણસેં વરસ ચાલ્યો, ને તેમાં ૧૨ રાજા થયા. વિશળદેવને વાઘેલા વંશનો પહેલો રાજા ગણવામાં આવે છે.

(૧૮) કરણઘેલો.

(રજપુત રાજ્યનો અંત અને અલાઉદ્દીનનો જુલમ.)

૧ દિલ્હી, કનોજ, અને અજમેરમાં રજપુત વંશની આખર આવી ગયાની અને ત્યાં મુસલમાની રાજ્ય સ્થાપન થયાની વાત આગળ આપણે કહી ગયા.

૨ ગુજરાતનું રાજ્ય હિંદુસ્તાનને સીમાડેથી જરા દૂર હોવાથી ત્યાં હજી મુસલમાની રાજ્ય થયું નહોતું. પણ હવે એ નજીક આવેલા શત્રુઓ કોઇવાર આપણને મારી પાડશે, માટે લશ્કર વગેરેની બરાબર તૈયારી રાખી ચેતતા રહેવું જોઇએ, એવો વિચાર મોજ શોખમાં પડેલા વાઘેલા રાજાઓ તથા તેમના કારભારીઓએ કર્યો નહિ.

૩ વાઘેલા વંશનો અને ગુજરાતનો સૌથી છેલ્લો રાજા કરણઘેલો લડવામાં બહાદુર પણ દુર્ગુણી હતો. તેને માધવ નામે નાગર (બ્રાહ્મણ) કારભારી હતો. એ માધવે બંધાવેલી વાવ હજી વઢવાણ શહેરમાં " માધાવાવ " ને નામે ઓળખાય છે. એની સ્ત્રી બહુ રૂપાળી હતી. કરણ રાજાએ માધવને પરગામ મોકલી તેના નાના ભાઇ કેશવને મારી માધવની સ્ત્રીને બળાત્કારે પોતાના દરબારમાં આણી. એથી માધવે આ ભારે અપમાનનું વેર લેવાનો વિચાર કરી પાટણ છોડયું. રાજાએ પ્રજાનું રક્ષણ કરવું જોઇએ, અને પ્રજાની વહુ દીકરીઓને પોતાની દીકરી જેવી ગણવી જોઇએ. કરણ રાજાએ પોતાનો એ ધર્મ બરાબર પાળ્યો નહિ, તેથી તેનો નાશ થયો.

૪ પછી માધવ દિલ્હી ગયો, અને ત્યાંના બાદશાહ " અ-

લાઉદ્દીન ખૂનીને મળ્યો.+ તે મુલક જીતવાને બહુ હોંસીલો હતો. અલાઉદ્દીને પોતાના કાકા વગેરેનાં ખુન કરીને દિલ્હીની ગાદી લીધી હતી, તથા હિંદુઓનાં દેવળ તોડી તેમને મુસલમાન બનાવવા ભારે જુલમ કર્યો હતો, તેથી ગુજરાતના લોકો તેને 'અલાદિયો ખુની" એ નામથી ઓળખે છે. તેને મોટી ભેટ આપી ગુજરાત ઉપર હલ્લો કરવાને માધવે સમજાવ્યો. પરધર્મી અને પરદેશી રાજાને આ પ્રમાણે સ્વદેશનો નાશ કરવાનું સમજાવવામાં માધવે બહુ ભૂલ કરી, એ ખરાબ ઉપાય સિવાય બીજી રીતે તે રાજાને વશ કરી વેર વાળી શકત.×

૫ અલાદિયા ખૂનીએ પોતાના ભાઇ અલફખાન અને વજીર નસરતખાનને મોટું લશ્કર આપી માધવની સાથે ગુજરાત ઉપર ચઢાઇ કરવા મોકલ્યા, અને માધવને ગુજરાતનો પ્રધાન બનાવ્યો. આ મોટા લશ્કરે કરણઘેલાને હરાવ્યો, દેશને લૂટી ઉજડ કર્યો, ગામો બાળી મૂકયાં, લોકોનાં ઘરબાર લૂટી લીધાં, હિંદુ દેવળ તોડી પાડયાં, કેટલાક લોકોને ગુલામ બનાવ્યા, કેટલાક લોકોને મારી મુસલમાન કર્યાં, અને કેટલાકની વહુ દીકરીઓને ઉપાડી ગયા.

૬ ચાવડા વંશ બસેં વરસ ટકયો ગુજરાતમાં આવેલા માણસા તથા વરસોડાના ઠાકોર ચાવડા વંશના છે. સોલંકી

+ ગુજરાતની વાઘેલા વંશની વંશાવળી.

વિશાળદેવ	ઈ. સ.	૧૨૪૪ થી	૧૨૬૨–૧૮
અર્જુનદેવ	,,	૧૨૬૨–	૧૨૭૫–૧૩
સારંગદેવ	,,	૧૨૭૫–	૧૨૭૯–૪
કરણઘેલો	,,	૧૨૭૯–	૧૩૦૪–૨૫

× એક વિદ્વાન નાગર કવિ કહે છે કેઃ–

" સન તેરસેં પૂરા માંય, થયા હિંદુ પૂરા,
પડયું પાટણ વરત્યો ત્રાસ ! ધિક નાગર નગુરા !"

વંશ ત્રણસેં વરસ ચાલ્યો, લુણાવાડાના મહારાજા સોલંકી વંશના છે. વાઘેલા વંશ સાઠ વરસ સુધી ચાલ્યો, ગુજરાતમાં આવેલા પેથાપુર, લિંબોદરા, કોઠ, ગાંગડ અને સાણંદના ઠાકોરો વાઘેલા વંશના છે. આ ત્રણે રજપુત વંશની તથા તે પછી સો વરસ સુધી દિલ્હીથી આવેલા સુબાઓની રાજધાની અણહીલપુર પાટણમાં હતી.

---

(૧૯) સુબો અલફખાન.

૧ ગુજરાતમાંથી રજપુત રાજ્ય વિદાય થયું ને ગુજરાતનો છેલ્લો રાજા પોતાની દેવળદેવી નામે નાની કુંવરીને સાથે લઈ દક્ષિણમાં નાસી ગયો, અને પોતાનાં પાપનાં ફળ ભોગવી રખડી રવડીને કેટલાંક વર્ષ પછી મરણ પામ્યો.

૨ અલાઉદ્દીન બાદશાહે ગુજરાતની સુબાગીરી અલફખાનને આપી. તેણે કરણ રાજાની ખુબસુરત રાણી કમળાદેવીને પકડી દિલ્હી મોકલી દીધી, અને ત્યાં ગયા પછી બાદશાહે તેને પોતાની બેગમ કરીને રાખી. કેટલોક વખત ગયા પછી કમળાદેવીએ ટહેવરાવવાથી તેણે કરણ સામે લડી દેવળદેવીને પણ દિલ્હી મોકલી દીધી. અલાઉદ્દીને તેને પોતાના પાટવી શાહજાદાની હુરંમ બનાવી. જે મા દીકરી, મુસલમાનોને હાથ ન જવા થોડા વખત ઉપર શુર દેખાડતાં હતાં, તે હવે પોતાનું તથા કરણનું સર્વ દુઃખ ભૂલી જઇ બાદશાહી જનાનખાનામાં માનીતી બેગમો બન્યાં! કાળની ગતિ વિચિત્ર છે!

૩ અલફખાન અને તેની પછી દિલ્હીથી આવેલા કેટલાક સુબાઓના વખતમાં આવા જુલમ ત્રાસના બનાવો

બનતાજ રહ્યા. એ વખતે રૈયતના જાન માલની સલામતી નહોતી. રક્ષણ કરનારાજ રૈયતના માલનું ભક્ષણ કરી જતા. આવા અંધેર તથા મારા મારીના વખતમાં દેશમાંના ઉદ્યોગ, વેપાર અને વિદ્યા વગેરેની પૂરી પડતી થઇ. પોતાનો ઓળખીતો સુબો અલફખાન બદલાયા પછી માધવની પણ માઠી દશા થઈ, અને પોતાના દેશની તથા પોતાની ખરાબીનું કારણ તે પોતેજ છે, એવું જાણી ઘણો પસ્તાયો! પણ હવે શું વળે? દુઃખી હાલતમાં તે મરણ પામ્યો.

જો આપણે કોઇ એ કાળમાં જન્મ્યા હોત, તો આપણને એ વખતના જુલમનો ખરેખરો વિચાર મગજમાં તરત આવત. માયાળુ ઇંગ્રેજ સરકારના શીતળ છત્ર નીચે આપણે જે હાલ સલાહ શાન્તિ ભોગવીએ છીએ, અને સુખનો લ્હાવો લઇએ છીએ તેવા વખતમાં એ દુઃખ કેવું હતું, તે સમજી શકાય તેમ નથી. ઇંગ્રેજ સરકારનું રાજ્ય આપણા પર કાયમ રહો, કે જેથી હવે પછી પણ ભવિષ્યમાં ગુજરાતને એવું દુઃખ જોવાનો વખત આવે નહિ.

અંતે ઇ. સ. ૧૪૦૩ માં દિલ્હીના બાદશાહોના અંધેર વખતમાં ગુજરાતના મુસલમાન સુબાએ દિલ્હીના પાદશાહની તાબેદારી છોડી દીધી, અને તેણે ગુજરાતના સ્વતંત્ર બાદશાહનું પદ ધારણ કર્યું.

---

(૨૦) અહમદશાહ બાદશાહ.

(અમદાવાદનું વસવું.)

૧ આપણે હાલ જે અમદાવાદ શહેર જોઇએ છીએ ત્યાં પાંચસેં વરસ પહેલાં સાબરમતીને કાંઠે ખેતરો આવી રહેલાં

હતાં અને એ ખેતરો આશાવળ (અસારવા) ગામના ખેડુતો ખેડતા હતા.

૨. ગુજરાતનો ત્રીજો સ્વતંત્ર પાદશાહ અહમદશાહ એક વાર તે તરફ શિકારે આવ્યો હતો, ત્યારે સાબરમતીની ભેખડમાંથી નીકળેલો એક સસલો તેના શિકારી કૂતરાની સામે થયો. એ જોઇને પાદશાહ અચરજ પામ્યો, અને બોલી ઉઠયો કે જે જગામાં સસલાં આવાં બળવાન પેદા થાય છે, ત્યાં માણસો કેવાં બળવાન પેદા થઇ શકે ?

૩. બધા વિચાર કરીને અહમદશાહે અસારવાના રાજા આશા ભીલને હરાવી સાબરમતીને કાંઠે એક જબરૂં શહેર વસાવી ત્યાં પોતાની રાજધાની કરી. ઇ. સ. ૧૪૧૨. આ શહેરને હાલ અહમદાવાદ કે અમદાવાદ કહેવામાં આવે છે. પાટણથી ગાદી ફેરવીને અમદાવાદ સ્થાપવાથી પાટણનાં જુનાં મકાનો તથા દેવળો તોડી તેના પત્થરો વડે બાદશાહે અમદાવાદમાં કેટલાંક મકાન બંધાવ્યાં, અને તેને એક શોભાયમાન શહેર બનાવ્યું. આ શહેરને વિષે લોકોમાં હજી એક કહેવત બોલાય છે કે “ જબ કુત્તે પર સસ્સા આયા, તબ બાદશાહને શેહેર બસાયા. ” શરૂઆતમાં શહેર ઘણું મોટું અને પૈસે ટકે આબાદ હતું, પણ વચમાં નબળા પાદશાહો તથા મરાઠા રાજાઓના વખતમાં નબળી હાલતમાં આવી ગયું હતું તે આશરે સો વરસ થયાં અંગ્રેજ સરકારના તાબામાં આવતાં દહાડે દહાડે વસ્તી, વેપાર વગેરેથી વધતું જાય છે. હાલ એ ગુજરાતમાં સૌથી મોટું છે.

૪. અહમદશાહ ધર્માન્ધ બાદશાહ હતો. તેણે હિંદુઓને જોર જુલમથી મુસલમાન કરવા માંડયા તથા દેવળો તોડવા માંડયો, તેથી દેશમાં ઠેકાણે ઠેકાણે બંડ ઉઠયાં. એ અહમદ-

નગરનો કિલ્લો બાંધ્યો હતો. એ કિલ્લાને હાલ અમનગર કહે છે, અને તે ઇડરને તાબે છે. આ જોરાવર બાદશાહે માળવા તથા દક્ષિણના પાદશાહોને હરાવ્યા અને કેટલાક રજપુત રાજાઓ પાસેથી ખંડણી લીધી પણ રજપુતોની કન્યા બળાત્કારે પરણવાથી ઘણા ગરાશિયા બહારવટે નીકળી પડયા, અને તેથી દેશમાં બરાબર શાન્તિ રહી નહિ.

૫. આ બાદશાહ રૈયતને વાજબી ઇનસાફ આપવા ઘણી કાળજી રાખતો. એકવાર તેના જમાઇએ ખુન કર્યું, તે પરથી કાજીએ (ઇનસાફ કરનારે) તેનો ૨૨ સોના મહોર દંડ કરીને તે મરનારના સગાંને અપાવી સમાધાન કર્યું, પણ જ્યારે એ વાત અહમદશાહના જાણવામાં આવી, ત્યારે તેણે કહ્યું કે આવા ઇન્સાફથી તો પૈસાદાર લોકો સહેજમાં ખૂન કરી નાંખે ને ગરીબો માર્યા જાય. પછી પોતાનો જમાઇ પૂરેપૂરો ગુન્હેગાર હતો, તેથી બાદશાહે તેને પોતાના મહેલની સામેજ ફાંસી દઇ મારી નંખાવ્યો !

૬. એકવાર અહમદશાહ, સાબરમતી નદીને કાંઠે આવેલા પોતાના મહેલના ઝરૂખામાં બેઠો હતો, તેવામાં વેગળેથી કોઇ કાળી વસ્તુ નદીના પ્રવાહમાં અથડાતી તણાતી તેના જોવામાં આવી. તુરત તેણે સિપાઇઓને હુકમ કરી તે વસ્તુને કાંઠે ખેંચી કઢાવી, તો તે એક માટીની બરણી હતી. ને તેમાં કોઇ માણસનું તાજું મડદું દાબી દીધેલું જણાયું. પછી બાદશાહે શહેરના તમામ કુંભારને તેડાવ્યા, ને પડપુછ કરવા માંડી, તો જણાયું કે એ બરણી, પાસેના ગામડાના એક મુખી (પોલીસ પટેલ) ને એક કુંભારે વેચાતી આપી હતી. પછી નદી કાંઠે આવેલા નજીકના ગામના મુખીને પકડી મંગાવી તપાસ કરતાં, તેણે કોઇ વેપારીનું ખુન કરી પોતાનો ગુન્હો છુપાવવા મડદાંને બરણીમાં ઘાલી તે નદીમાં તણાતી મૂકી

હતી એમ સાબિત થયું. એથી બાદશાહે તેને ફાંસી દેવરાવ-
રાવી મારી નંખાવ્યો. આવી સખત દેખરેખ અને અદલ
ઇન્સાફથી તેના રાજ્યમાં ગુન્હા ઓછા થઇ ગયા હતા.

(૨૧) મહમુદ બેગડો.

૧ તમારામાંથી કોઇએ અમદાવાદ જોયું છે ? ત્યાં દાદા-
હરિની વાવ, શાહઆલમનો રોજો, સરખેજનો રોજો, ભદ્રનો
કિલ્લો, વગેરે જગ્યાઓ જોવાલાયક છે. આવાં સુંદર મકાનો
ક્યારે અને કોણે બંધાવ્યાં હશે, એ પૂછવાનું તરત તમને મન થશે.

૨. ગુજરાતના હિંદુ રાજાઓમાં સિદ્ધરાજ ઘણો પ્રખ્યાત
અને લોકપ્રિય રાજા થઇ ગયો છે, એ વાત તમે આગળ જાણી
ગયા છો. ગુજરાતના મુસલમાન બાદશાહોમાં મહમુદ બેગડો
પણ એવી રીતે પ્રખ્યાત થઇ ગયો છે. એ સિદ્ધરાજના જેવો
મકાનો બંધાવનાર, બળવાન, ઇન્સાફી, અને રૈયતને સુખી
કરવાની કાળજી રાખનારો હતો. ૧૪ વરસની નાની ઉમ્મરે
ગાદીએ બેઠો હતો.

૩ ગાદીએ બેઠા પછી તેના એક માનીતા વજીર સામે
કેટલાક અમીરોએ બંડ ઉઠાવ્યું; ત્યારે બીજાઓએ તેને રાજ
મહેલમાં ભરાઇ જવાની સલાહ આપી, પણ નાની ઉમ્મરના
બહાદુર બાદશાહને એ શીખામણ ઠીક લાગી નહિ. તે મહેલના
દરવાજા ઉઘડાવી એકદમ સામો થયો, અને બંડ બેસાડી દીધું.
શરૂઆતની આવી હિંમતથી બધા ઉપર તેનો સારો દાબ બેસી ગયો.

૪. એણે ચાંપાનેર તથા જુનાગઢના બે પ્રખ્યાત ગઢ
જીત્યા તેથી તે બેગડો કહેવાયો, [૧] ચાંપાનેરનો કિલ્લો ગુજ-

---

૧ કેટલાક કહે છે કે તેની મૂછો બળદના શીંગડાની પેઠે ઉંચી
વળેલી હતી ને હિંદી ભાષામાં તેવા બળદને " બેગડો " કહે છે
તેથી તે બેગડો કહેવાયો.

શતની પૂર્વ તરફ આવેલા પાવાગઢના ડુંગરની તળેટીમાં આ-વેલો હતો અને પાછળ કહેવા પ્રમાણે એ વનરાજના પ્રધાન ચાંપાએ બંધાવ્યો હતો. તેને દોઢ વરસ સુધી ઘેરો ઘાલી ત્યાંના રાજા પતાઈરાવળને૨ પકડ્યો અને કિલ્લો જીતી લીધો. એ પતાઈ રાવળના વંશજો હાલ દેવગઢ બારીઆ તથા છોટા ઉદેપુરમાં રાજ કરે છે. જુનાગઢનો કિલ્લો તો એણે આ પહેલાં દશ વર્ષ અગાઉ જીતી લીધો હતો.

૫ એણે કચ્છ સિંધ તથા ઓખામંડળ જીતી લીધાં, વ-હાણ લૂંટનારા ગાંચીઆ લોકો તથા ફીરંગીઓને દરીઆની લ-ડાઈમાં હરાવ્યા, અને શીરોહી તથા ઈડરના રાજાઓ પાસેથી ખંડણી લીધી. એમ આ બાદશાહે બધી તરફ સારી જીત મેળવી.

૬. એકવાર તે વાત્રક નદીને કાંઠે શિકારે ગયો હતો. ત્યાં સુંદર જગ્યા જોઈ તણે પોતાના નામ ઉપરથી મહેમદાવાદ શહેર વસાવ્યું. એની પાસે ભમરીઓ+ કૂવો તથા નદી કાંઠે આવેલો રોજો જોવાલાયક છે. મહમુદ એ શહેરમાં અમદા-વાદથી ઘણીવાર આવતો. અમદાવાદના શેખ ગંજબક્ષ અમીર-

---

૨ પતાઈરાવળના નાશ વિષે ભાટ લોકો કહે છે કે પાવાગઢને મ-થાળે વરેલાં કાળિકા માતા એકવાર નવરાત્રિમાં ગરબા ગાવા મનુ-ષ્ય રૂપે ફરતાં હતાં ત્યારે રાજાએ ખરાબ નજર કરવાથી માતાજીએ શાપ દીધો તેથી તેનું રાજ નાશ પામ્યું.

" માજી તું પાવાની પટરાણી, ભવાનીમા કાળકા રે લોલ,
માજી તારે ડુંગરડે ચડવું રે અતિ ઘણું દોહલું રે લોલ;

એ ગરબામાં એ વાત આવે છે. માહમૂદ ચાંપાનેરને મહેમદાવાદ કહેતો.

+ એ કૂવાને ફરતાં ભોંયરાં છે; તેમાં થઈને ચક્કર ખાતાં ખાતાં ઠેઠ કૂવામાં ઉતરી શકાય છે; માટે તેને ભમરીઓ કૂવો કહે છે.

નો રોજો અમદાવાદની પાસે આવેલા સરખેજ ગામમાં છે, ત્યાં મહમુદ બેગડો વારંવાર જતો. એ રોજાની પાસે તેણે બીજાં સુંદર મકાનો બંધાવ્યાં તથા પોતાને માટે પણ ત્યાં રોજો બંધાવ્યો. એ બાદશાહ ગુજરી ગયો, ત્યારે તેને એ સરખેજના રોજામાં દાટવામાં આવ્યો હતો. પાછળથી તેના દીકરા તથા તેની બેગમ રાજબાઇની કબર પણ ત્યાંજ બંધાવવામાં આવી હતી. આ સઘળાં મકાનો જોવા જેવાં છે.

૭. મહમુદ બેગડાને બાદશાહી ઠાઠમાઠ બહુ વહાલો હતો. દરરોજ સહવારે ઉઠતાં તથા બપોરે જમતી વેળા તેને પચાસ હાથી સલામી આપવા આવતા હતા. તે જમવા બેસતો ત્યારે જુદી જુદી જાતનાં વાજાં વાગી રહેતાં. તેને આંબા, રાયણ, જાંબુ વગેરે ફળાઉ ઝાડો રોપાવવાનો ઘણો શોખ હતો. આજે પણ અમદાવાદની પાસે ઝાડની ઘટા તથા અમરાઇનું નાનકડું વન તેના એ શોખને લીધે હયાત છે. તેને વાજીંત્રનો, ઇમારતો બંધાવવાનો, તથા બીજી કારીગરીનો શોખ હોવાથી દેશ પરદેશથી ઘણા કારીગરો આવી અમદાવાદ વસ્યા હતા.

૮. બાદશાહનો શોખ જોઇને એના કેટલાક અમીરોએ પણ અમદાવાદમાં રોનકદાર મકાનો બંધાવી શોભા વધારી હતી. એના દરબારમાં રહેતી હુરી નામની બાઇએ દાદાહરીનો વાવ બંધાવી હતી. એના ગુરૂ શાહઆલમનો રોજો તાજખાન નામના એક ઉમરાવે બંધાવ્યો હતો. અડાલજ ગામની પ્રખ્યાત વાવ પણ એના વખતમાં બંધાઇ હતી આ બાદશાહ બાવન વરસ રાજ્ય કરી ઇ. સ. ૧૫૧૧ માં ગુજરી ગયો.

૯. આ બાદશાહ ખોરાકમાં ભીમસેન જેવો હતો! એવું કહેવાય છે કે, દરરોજ એક મણ ખોરાક એને માટે ખાસ તૈયાર થતો! પાંચ શેરની ખીચડી એક ટંકે ખાઇ જતો!

રાત્રે પણ તેના પલંગ પાસે ખાવાનું ઢાંકી રાખવું પડતું ! તે શરીરે ઘણો જબરો ને જોરાવર હતો.[1]

૧૦. મહમુદ બેગડા પછી તેનો શાહજાદો મુજફ્ફરશાહ બીજો ગાદીએ બેઠો હતો, તે પણ ભલો અને ડાહ્યો બાદશાહ હતો. એકવાર ઝાલાવાડના લોકો, સરકારી ખેડાણ જમીન ઘણી વધી જવાથી ગૌચર ઘટી પડતાં બાદશાહ પાસે ફરીઆદ કરવા આવ્યા, ત્યારે મુજફ્ફરશાહે તુરત હુકમ કર્યો, કે ખેડાણ જમીન ઓછી કરી ગૌચર વધારવું. એથી રાજની ઉપજમાં નુકશાન થયું પણ તેણે પોતાનો હુકમ ફેરવ્યો નહિ.

૧૧. એ મુજફ્ફરશાહની ભલાઇ વિષે એક વાત ચાલે છે કે એના અમલની આખર વખતમાં એકવાર વરસાદે બહુ વાટ જોવરાવી અને દુકાળ પડશે એવી બીક લાગી, ત્યારે આ પાદશાહે પરમેશ્વરને સ્તુતિ કરી કે "ઓ અલ્લા ! રાજકર્તાના પાપને માટે તું આખા દેશને દુઃખી કરતો હોય, તો તેનો પ્રાણ લે, પણ દેશના ગરીબ લોકને બચાવ." જોગ એવો બન્યો કે ત્યાર પછી સારો વરસાદ વરસ્યો !

(૨૨) જુનાગઢનો રાજા મંડળિક, ને મહમદ બેગડો.

૧. જુનાગઢનો કિલ્લો મહમુદ બેગડાએ જીતી લીધાની વાત ઉપર આપણે કહી ગયા. ત્યાં એ વેળા રાયખેંગારના વંશનો રા મંડળિક નામે રાજા રાજ કરતો હતો તેણે શરૂઆતમાં સારી રીતે રાજ ચલાવ્યું, પણ પાછળથી તે મોજશોખમાં પડી ખરાબ થયો

---

[1] "થયો મહમદ બેગડો છેક મહા મોટો,
બાંધ્યા મસિદ મિનારા અનેક, શેર શણગ કોટો;
હતો જબરદસ્ત મહા શૂર મહા મોટો જંગી,
ચડી બ્હાણે લડી ચકચુર, કર્યા બહુ ફીરંગી" નવલરામ

૨. રાજાઓએ પોતાની રૈયતને છોકરાંની પેઠે ગણવી જોઇએ અને જે એમ ન વરતે; તે આખરે દુઃખી થઇ રાજપાટ ખુએ છે, એ તમે કરણ વાઘેલાની વાતથી જાણી ગયા છો. મંડળિક રાજા પણ ગાદીએ બેઠા પછી કેટલાંક વરસ ઘણી સારી રીતે રાજ ચલાવી પાછળથી રૈયતની વહુ દીકરીઓ ઉપર ખરાબ નજરે જોવા લાગ્યો, તેથી તેનું શૂરાતન નાશ પામ્યું, ને તેનું રાજ્ય મુસલમાનોના હાથમાં ગયું.+

૩. તે એકવાર પોતાના મુલકમા ફરવા ગયો હતો, ત્યારે એક ચારણીઆણીનું રૂપ જોઇ મોહ પામ્યો. અને જ્યારે એ બાઇ, પોતાને ઘેર પધારેલા પોતાના માવતર જેવા રાજાને રીત પ્રમાણે વધાવવા (ચાંલ્લો કરવા) આવી, ત્યારે રાજા તેને પોતાના ઓવારણાં નહિ લેવા દેતાં બીજી તરફ ફરી ગયો, જેને પોતાની સ્ત્રી બનાવવા ચાહતો હોય તેને ઓવારણાં કેમ લેવા દે? આથી એ બાઇની પવિત્ર સાસુ નાગબાઇને ઘણો ગુસ્સો ચડયો. અને તે બોલી ઉઠી કે, “ રાજા ફરતો નથી પણ તેનો દિ (દિવસ—ભાગ્ય) ફરી બેઠો છે ” એ વેળા મંડળિકને એ બાઇએ જે વચનો કહ્યાં હતાં તે હજી કાઠિઆવાડમાં રાણકદેવીના દુહાની પેઠે ગવાય છે.

૪. પછી મંડળિક પાછો જુનાગઢ ગયો, પણ તેણે ખરાબ રસ્તે ચડી એશઆરામમાં પડી પડોશી મુસલમાન પાદશાહોના હુમલાની કાંઇ અગમચેતી રાખી નહિ: તેથી એ વખતના

+ (૧) મંડળિકના નાશ વિષે બીજી પણ એક વાત ચાલે છે કે તેના પ્રધાન વિશલની સ્ત્રીને તે દરબારમાં લઈ ગયો તેથી વિશલે મહમુદ બેગડાને તેડાવી તેનો નાશ કરાવ્યો.


(૨) નરસિંહ મહેતો નામે ભક્ત કવિ એના વખતમાં હતો, તેને પણ મંડળિકે દુઃખ દીધું હતું એમ કહેવાય છે.

ગુજરાતના બાદશાહ મહમુદ બેગડાએ રાજા મંડળિક ઉપર એક પછી એક એમ ત્રણ વાર ચડાઇ કરી તેને ઇ. સ. ૧૪૩૦ માં કેદ કર્યો, અને મુસલમાન બનાવી અમદાવાદમાં રાખ્યો. એ પ્રમાણે કરણઘેલાથી ગુજરાતના હિંદુ રાજ્યનો અંત આવ્યો હતો; તેમ આ રાજાથી સોરઠના હિંદુ રાજ્યનો અંત આવ્યો. એ પછી મહમુદે જુનાગઢનું રાજ્ય ગુજરાતની બાદશાહી સાથે જોડી દઇ ત્યાં પોતાના તરફનો એક અમલદાર નીમ્યો, અને ગીરનારની તળેટીમાં મુસ્તફાબાદ શહેર વસાવ્યું તેને હાલ જુનાગઢ કહે છે.

૫. મુસલમાન થયા પછી મહમુદે મંડળિક રાજાનું નામ " ખાનજહાન " પાડી તેને અમદાવાદમાં પોતાની પાસે રાખ્યો હતો; તે ત્યાંજ મરણ પામ્યો. એની કબર માણેકચોકમાં કંદોઇ ઓળની એક દુકાનમાં છે. એ મંડળિકના વંશજો હાલ જુનાગઢના મહાલ કેશોદ તથા ચોરવાડમાં માત્ર નાની નાની જાગીરો ભોગવે છે અને તેઓ " રાયજાદા " કહેવાય છે.

---

(૨૩) અકબર બાદશાહ.



૧ તમે આપણા દેશમાં હાલ જે ટોપીવાળા સાહેબ લોકો જુઓ છો. તેઓ કયારે અને કયાંથી આવ્યા, તે તમારા જાણવામાં છે ? તેઓ મહમુદ બેગડાના વખતથી આપણા દેશમાં પાંચ હજાર મૈલને છેટેથી દરીઓ ઓળંગી વેપારને માટે આવવા લાગ્યા હતા. હિંદુસ્તાનમાં ઘણો પૈસો છે, ને તે ઘણો રસાળ દેશ છે, એમ ઘણા દૂર દેશના લોકો પણ જાણતા

હતા. પહેલ વહેલાં આપણા દેશમાં પોર્ટુગીઝ લોકો વેપાર કરવા આવ્યા હતા. એમને તે વખતે આપણે ફીરંગી કહેતા.

૨. એ **ફીરંગી** લોકોએ કાઠિયાવાડની દક્ષિણે આવેલું દીવબંદર પોતાને કબજે લીધું, એથી મહમુદ બેગડા પછી થયેલો ચોથો પાદશાહ **બહાદુરશાહ,** તેમને શિક્ષા કરવાને ચઢ્યો, ને તેણે તેમને હરાવ્યા. પણ પાછળથી ફીરંગી લોકોએ વહાણપર ખાણું ખાવા બોલાવી કપટથી એ પાદશાહને ડૂબાવી મારી નાંખ્યો. એ બહાદુરશાહને દિલ્હીના બાદશાહ હુમાયુએ ચાંપાનેર પાસે હરાવ્યો હતો.

૩ બહાદુરશાહ પછી ગુજરાતની ગાદીએ નબળા પાદશાહ થયા. તેમાં છેલ્લા પાદશાહની વાત જાણવા જેવી છે. એક હલકી વર્ણમાં જન્મેલા નથુ નામના છોકરાને અમીર ઇતમાદખાંએ મહેલમાં લાવી, તે મરનાર બાદશાહનો શાહજાદો છે, એમ કહી ગાદીએ બેસાડયો. પછી એને ત્રીજા મુજફરનું નામ આપવામાં આવ્યું, એ ગુજરાતનો છેલ્લો સ્વતંત્ર બાદશાહ હતો. આવા બાદશાહમાં રાજકારભાર ચલાવવાની આવડત ન હોય એ દેખીતું છે. એના નબળા રાજ્યમાં જુદા જુદા અમીરો, ગુજરાતના જુદા જુદા ભાગ બથાવી પડયા. પછી ઇતિમાદખાં અને બીજા અમીરો વચ્ચે કજીઓ થતાં તે દિલ્હીના બાદશાહને ગુજરાત જીતવાને તેડી લાવ્યો. એ વેળા દિલ્હીની ગાદીપર હુમાયુનો દીકરો **મહાન અકબર** બાદશાહ હતો. એ ઘણો ડાહ્યો, રૈયતને સુખ દેવામાં કાળજી રાખનારો, અને ધર્મનો જુલમ ન કરે તેવો પ્રજાને વહાલો બાદશાહ હતો. પોતાના રાજ્યને મજબુત કરવા માટે એણે રજપુત રાજાઓને મેળવી લીધા અને તેમની કન્યાઓ પરણી તેમની સાથે સગપણથી જોડાયો હતો. હિંદુ મુસલમાનને તે સગા ભાઈ જેવા

ગણુતો, તેથી એના વખતના હિંદુઓ મોટા હોદ્દા મેળવીને પોતાના ઉપર એક હિંદુ રાજા હોય, એમ માનવા લાગ્યા.

૪ પછી અકબર પાદશાહે અંધેર રાજકારભારનો લાભ લઈ ગુજરાત દેશ જીતી લીધો. તે વીશ વર્ષ સુધી આવજા કરી ઘણી મહેનતે સઘળું અંધેર મટાડી શકયો.

૫ અકબર બાદશાહ ૬૩ વરસની ઉમ્મરે લગભગ પચાસ વર્ષ રાજ્ય કરી મરણ પામ્યો, પણ તેનાં રૂડાં કામોથી તે હજી જીવતો રહેલો છે. તેણે રૈયતના સુખને માટે સતીનો અટકાવ, બાળલગ્નનો અટકાવ, જમીન મપાવીને તેની વીઘોટી ઠરાવવાની રીત, હિંદુઓને મોટા હોદ્દા આપવાનો તથા તેમના ધર્મની વચ્ચે ન પડવાનો ધારો વગેરે જે નિયમ બાંધ્યા હતા, તેનાં હજી પણ ઘણાં વખાણ થાય છે.

૬ અકબરના વખતથી ગુજરાતની સ્વતંત્ર બાદશાહી બંધ પડી, અને એ દેશનો કારભાર ચલાવવાને અગાઉની પેઠે દિલ્હીથી સુબાઓ આવવા લાગ્યા. એ સુબાઓમાંના કેટલાકે સારી રીતે રાજકારભાર ચલાવી રૈયતને સુખ દીધું, પણ જ્યારથી અકબરના ધર્માન્ધ વારસોએ ધર્મને બહાને હિંદુઓને હેરાન કરવાની ખરાબ રીત ચલાવવા માંડી, ત્યારથી ગુજરાતમાં પાછું અંધેર શરૂ થયું.

૭ અકબરના દીકરા **જહાંગીરને** અમદાવાદની હવા માફક આવતી નહોતી, તેથી તે અમદાવાદને "ગર્દાબાદ" (ધુળનું શહેર) કે "બીમારીસ્તાન" (રોગનું ઠેકાણું) કહેતો. આ જહાંગીર બાદશાહની વહાલી બેગમ **નૂરજહાને**, થોડા માસ ગુજરાતની સુબાગીરી ભોગવી હતી.

૮ અકબરની પછી ૧૫૦ વરસે ગુજરાતની મુગલાઇ સુ-

બાગીરીનો અંત આવ્યો, અને દક્ષિણના હિંદુ લોકો જેઓ મરાઠા કહેવાતા હતા, તેઓ ગુજરાતના ધણી થઇ પડયા.

(૨૪) ગુજરાતમાં ગાયકવાડ.

૧. ગુજરાતમાં આવેલું વડોદરા શહેર તમારામાંના કેટલાકે જોયું હશે. વડોદરા, કડી, પાટણ, પેટલાદ, અમરેલી, દ્વારકા વગેરે મુલક ગાયકવાડ સરકારને તાબે છે.

૨. મહારાષ્ટ્ર નામે ગુજરાતની દક્ષિણે જે મુલક છે, ત્યાંથી આપણા દેશમાં ગાયકવાડના વડવાઓ આવેલા હતા. હાલના મહારાજા સયાજીરાવ હોંશિઆર અને કેળવણી પામેલા રાજા છે. તેમને તેમના વડવાઓનું રાજ્ય શી રીતે મળ્યું છે, તેની વાત, તેમના વડવાઓની હકીકત સાથે તમને કહીશું.

૩. ચઢતી અને પડતી, એવો ફેરફાર દુનીઆમાં થયાંજ કરે છે. એવી રીતે રાજ્યોની હાલત પણ બદલાયા કરે છે. સારાં રાજ્યો લાંબો વખત ટકે છે. અકબર બાદશાહની ત્રીજી પેઢીએ થયેલા **ઔરંગજેબ** બાદશાહે હિંદુઓ ઉપર ઘણો જુલમ કર્યો તેથી હિંદુઓ તેની સામા થયા, અને રજપુત રાજાઓ તેનાથી છુટા પડી ગયા. દક્ષિણમાં એ વખતે મરાઠા લોકો જોરમાં આવ્યા. તેમણે ઔરંગજેબ પછીના નબળા પાદશાહોના વખતમાં કેટલોક મુલક કબજે કર્યો.

૪. હંમેશાં નબળા રાજાના વખતમાં તેના અમીરો અને અમલદારો મરજીમાં આવે તેમ વર્તે છે, તેમ દિલ્હીના પાદશાહોના વખતમાં બન્યું. વારંવાર ગુજરાતના સુબા બદલાવા લાગ્યા, ને અંદર અંદર લડવા લાગ્યા. એ અંધાધુંધીના વખતમાં જેને જેમ ફાવ્યું, તેમ સૌએ ગુજરાતમાં કેટલાંક પરગણાં દબાવી પાડયાં અને ટંટા ફિસાદ શરૂ થયા.

૫ સુબા તથા અમીરોની મહિમાંહિની આ લડાઇનું એ ફળ આવ્યું, કે તેઓ નબળા પડી ગયા અને મરાઠા ફાવી શક્યા. ઔરંગજેબના વખતમાં મરાઠી રાજ્ય સ્થાપનાર મહારાજા **શિવાજી છત્રપતિ**એ સુરત શહેર આશરે સાત વાર લૂટયું. આ શિવાજીએ દક્ષિણમાં કેટલોક ભાગ જીતી સહ્યાદ્રિ પર્વત ઉપરના રાયગઢ વગેરે મોટા મોટા કિલ્લાઓ બાંધ્યા. એના વંશજો હાલ કોલ્હાપુરમાં રાજ કરે છે.



શિવાજી છત્રપતિ.

૬ મરાઠા રાજાઓની રાજધાની સતારામાં હતી. તેમના પ્રધાન બ્રાહ્મણ હતા, ને તેઓ **પેશ્વા** કહેવાતા. શિવાજીના પૌત્ર શાહુ રાજાના વખતથી તેમની સત્તા ઘણી વધી પડી, અને તેમણે પોતાની રાજધાની પુનામાં કરી. પેશ્વામાં પહેલો બાજીરાવ જબરો થયો. તેણે ઘણા મુલક જીતી રાજ્યનો વિસ્તાર વધાર્યો, અને હોશિઆર તથા શૂરા માણસોને મોટા હોદ્દાપર ચડાવ્યા. તેઓમાં મલ્હારરાવ હોલ્કર, રાણોજી સિંધીઆ અને દામાજી ગાયકવાડ મુખ્ય હતા. દામાજીએ ગુજરાતમાં પગ પેસારો કર્યો. અને તેના ભત્રીજા **પીલાજી**એ ખાનદેશ અને ગુજરાતની હદ ઉપર સોનગઢવ્યારાનો કિલ્લો બાંધી આજુબાજુનો મુલક દબાવ્યો તથા વડોદરા જીતી લીધું.

૭ આવી રીતે ગુજરાતમાં મરાઠાઓનું જોર વધી પડવાથી

દિલ્હીના બાદશાહે જોધપુરના મહારાજા અભેસિંહને ગુજરાતનો સુબો ઠરાવી મોકલ્યો. તેણે પીલાજીને કપટથી ડાકોરમાં મરાવી નાંખ્યો. પીલાજી પછી દામાજી ગાયકવાડ વડોદરામાં ગાદીએ બેઠો. તેણે પેશ્વાની સાથે મળી ઇ. સ. ૧૭૫૩ માં અમદાવાદ લીધું. પેશ્વા તથા ગાયકવાડનો ગુજરાતમાં અર્ધોઅર્ધ ભાગ હતો. અમદાવાદમાં એ વખતે છેલ્લો બાદશાહી સુબો જુવાનમર્દખાં બાબી હતો. તેના વંશજો આજે જુનાગઢ, વાડાસીનોર અને રાધનપુરમાં રાજ્ય કરે છે,

૮ વડોદરાની ગાદીએ ત્યાર પછી કેટલાક ગાયકવાડ થઇ ગયા, ને તેમણે ગુજરાત તથા કાઠિયાવાડમાં કેટલોક મુલક મેળવી ઘણા ખરા રાજાઓ ઉપર પોતાની તથા પેશ્વાની ખડણી ઠરાવી. થોડાં વરસ ઉપર વડોદરાની ગાદીએ મહારાજા ખંડેરાવ ગાયકવાડ હતા. તેમણે ઇ. ૧૮૫૭ ના બળવામાં અંગ્રેજ સરકારને સારી મદદ આપી હતી. કાઠિઆવાડમાં દ્વારકાના વાઘેર લોકોનું બંડ એમના વખતમાં થયું હતું. એમની પછી ગાદીએ બેઠેલા તેમના ભાઇ મલ્હારરાવને અંધેર રાજ વહીવટને લીધે, અંગ્રેજ સરકારે ગાદી ઉપરથી ઉઠાડી મૂકયો હતો. પછી ખંડેરાવ મહારાજાની વિધવા રાણી જમનાબાઇએ અંગ્રેજ સરકારની સલાહથી ખાનદેશમાંની ગાયકવાડી શાખાના ૩ ભાઇઓને વડોદરે બોલાવ્યા તેમાંના વચેટ ભાઇ ગોપાળરાવની હોશિયારી જોઇ સરકારે વડોદરાની ગાદી માટે તેમને પસંદ કરી જમનાબાઇ પાસે દત્તક લેવડાવ્યા; જેઓ સયાજીરાવ ગાયકવાડ કહેવાય છે.

(૨૫) ગુજરાતમાં અંગ્રેજી અમલ.

૧ પીલાજી ગાયકવાડના બીજા પુત્ર ખંડેરાવને કડીની જાગીર મળી હતી. તેના પુત્ર મલ્હારરાવને ૪૦૦ સ્વારથી ગાયકવાડની નોકરી કરવાની શરતે જાગીર ઉપર કાયમ કર્યો હતો.

પણ તે બળવાન હોવાથી ગાયકવાડને ગણકારતો નહોતો. ગાયકવાડના પ્રધાન રાવજી આપાજીએ તેની પાસેથી ચઢેલી ખંડણી માગતાં તેણે બંડ કર્યું. તેને મળી ગયેલા ગાયકવાડી કુટુંબોએ તથા વડોદરાના ગાયકવાડે ઇંગ્રેજ સરકારની મદદ માગી. ઇ.સ. ૧૮૦૨.

૨ બંને પક્ષે પોતાની મદદ માગવાથી બધી હકીકતથી વાકેફ થઇ ઇંગ્રેજ સરકારે ગાયકવાડને વાજબી ગણી તેમને મદદ કરવા કર્નલ વાકરને કેટલીક ફોજ આપી વડોદરે મોકલ્યો ને તેને વડોદરાના રેસિડેંટનો હોદ્દો ધારણ કરવાની સૂચના આપી. આ પ્રમાણે કર્નલ વાકર વડોદરાનો પહેલો રેસિડેંટ નીમયો ને ગાયકવાડનું રાજ ઇંગ્રેજના રક્ષણમાં આવવાની શરૂઆત થઇ.

૪ વડોદરે જઇ આરબોને કાબુમાં રાખવા કેટલુંક લશ્કર રાખી, કર્નલ વાકર મલ્હારરાવ ઉપર ચડ્યા. કેટલીક ઝપાઝપી થયા પછી મલ્હારરાવ શરણે આવ્યો. પ્રથમ તેને નડીઆદમાં ને પછી મુંબઇમાં નજરકેદ રાખવામાં આવ્યો હતો, ત્યાંજ તે ગત થયો.

૫ તમે કોઇએ કંપની બહાદુરનું નામ સાંભળ્યું છે? બસે વરસ ઉપર ઇંગ્લાંડ દેશથી, અંગ્રેજ વેપારીઓની એક કંપની (મંડળી) પાછળ કહેલા ફીરંગી લોકોની પઠે વેપાર કરવા આપણા દેશમાં આવી હતી. તેમણે સુરત, ખંભાતવગેરે બંદરોમાં પોતાનો વેપાર ધમધોકાર ચલાવવા માંડ્યો, ને ધીમે ધીમે તેમણે રાજાઓના કજીઆમાં પડી લશકર જમાવી કેટલોક મુલક મેળવ્યો. તેમના સારા બંદોબસ્તથી, રયતનું રક્ષણ કરવાની કાળજીથી, અદલ ઇન્સાફથી તથા ચતુરાઇથી જ્યાં જ્યાં તેમનું રાજ્ય થયું ત્યાં ત્યાં દેશ થાળે પડ્યો અને રૈયતને સુખ મળ્યું.

૬ મરાઠાઓએ દિલ્હી જીતી લીધા પછી પાણીપતની લડાઇમાં મોટી હાર ખાધી ઇ. સ. ૧૭૬૧. એ વેળા પુનામાં અગાઉ કહેલા બાજીરાવનો દીકરો બાલાજી પેશવા હતો તેના મરણ પછી પુના દરબારમાં કેટલીક ખટપટ થવાથી બાલાજીનો

બાધ રાઘોબા મુંબઈમાં ઈંગ્રેજ સરકારને આસરે આવ્યો. અં-ગ્રેજોએ તેની સાથે જઇ મરાઠી લશ્કર સાથે લડી જીત મેળવી, પણ આખરે સલાહ થઇ ઇ. સ. ૧૮૦૦ માં હોલ્કરે છેલ્લા નબળા પેશ્વા બાજીરાવને પુનામાંથી હાંકી કાઢયો તેથી તે નાસીને ઈંગ્રેજને આશરે ગયો, ને અંગ્રેજી લશ્કરની મદદથી ગાદી પાછી મેળવી ૧૮૦૨.

૭ ઇ. સ. ૧૮૦૭–૮ માં આગળ કહેલા વડોદરાના રેસિડેંટ કર્નલ વાકરે ગાયકવાડને સમજાવી કાઠીઆવાડમાં આવેલાં દેશી રાજ્યો ઉપરની તેમની ખંડણીનો સારો બંદોબસ્ત કર્યો. આગળ જ્યારે ગાયકવાડનું લશ્કર દસરા પછી "મુલક ગીરી" (ખંડણી) ઉઘરાવવા નીકળતું, ત્યારે એ લશ્કર ખેતરોના પાકનો નાશ કરતું, લૂટફાટ ચલાવતું, અને ખંડણી વેળાસર નહિ આપનાર રાજાઓનાં ગામો બાળતું કર્નલ વાકરના બંદોબસ્તથી રાજા રૈયત ઉપરનાં એ દુઃખ મટી ગયાં. વાકર સાહેબે દેશી રાજ્યો સાથે કરેલા ઠરાવને હજી પણ કાઠિયાવાડ વગેરેનાં દેશી રાજ્યોમાં યાદ કરવામાં આવે છે. ઇ. સ. ૧૮૧૮ માં અંગ્રેજ સરકારે પેશ્વાનું રાજ જીતી લીધું. તેથી પેશ્વાના તાબેદાર ગાયકવાડ અંગ્રેજ સરકારના તાબામાં આવ્યા, અને એ વખતથી ગુજરાતમાંનો પેશ્વાનો ભાગ અંગ્રેજ સરકારને મળ્યો. તેથી એ ન્યાયી અને પ્રતાપી રાજ્યમાં સઘળે સુલેહશાન્તિ પથરાઈને વેપાર રોજગાર વધી રાજા રૈયત ઘણાં સુખી થયાં છે.

આખા હિંદ ઉપર નામદાર શહેનશાહ પંચમ જ્યોર્જનો અમલ છે. તેમનીવતી રાજકારભાર ચલાવનાર હાલના વૉઇસરોયનું નામ લોર્ડ હાર્ડીંગ છે. તેઓ ભલા હાકેમ છે. મુંબાઇ ઇલાકો હિંદી રાજ્યનો એક ભાગ છે. મુંબાઇ ઇલાકાના ગવર્નર સાહેબના તાબામાં રહી ઉત્તર વિભાગનો કમીશનર ગુજરાતના બધા જીલ્લા તથા બધી એજન્સિઓ (કાઠિયાવાડ કચ્છ સિવાય) ઉપર અમલ ચલાવે છે. કાઠિયાવાડમાં એજંટ ટુ ધિ ગવર્નર

રહે છે. અને વડોદરાનું રાજ્ય ખુદ હિંદી સરકારી દેખરેખ નીચે છે. વડોદરામાં સરકાર તરફથી રેસિડેંટ રહે છે.



ના. મહારાણી એલેક્ઝાંડ્રા.

મહારાણી વિકટોરિયા વિષે પ્રથમ આપણે વાત કરી ગયા છીએ તેમના વડા પુત્ર શહેનશાહ સપ્તમ એડવર્ડ તેમની પછી ગાદીએ બેઠા હતા. તેઓના વખતમાં ઈ. સ. ૧૯૦૮ માં હિંદનું રાજ્ય ઇંગ્લાંડના બાદશાહે હાથમાં લીધાને ૫૦ વર્ષ થયાની ખુશાલીનો પ્રસંગ આવ્યો, રાજકાજમાં દેશીઓને વધારે ભાગ આપવાના ઠરાવો થયા અને હિંદના લોકોની આબાદી માટે તેમણે સારી કાળજી દેખાડી.

તેમના પછી તેમના પુત્ર શહેનશાહ પંચમ જ્યૉર્જ ગાદીએ બેઠા. તેઓ નામદાર જાતે આપણા દેશમાં કુંવરપદે હતા ત્યારે



પધાર્યા હતા અને ઈંગ્લાંડના બાદશાહ થયા પછી પણ તેઓ જાતે આપણા દેશમાં પધાર્યા હતા. સન ૧૯૧૧ ના ડીસેંબર માસની તા. ૧૨ મીએ દિલ્હીમાં તેમણે હિંદના સઘળા દેશી રાજાઓના સમક્ષ બાદશાહી ઢંઢેરો વાંચી સંભળાવ્યો હતો તેમાં પોતાના પૂજ્ય પિતા અને દયાળુ મહારાણી વિક્ટોરિયાને પગલે ચાલવાનું જણાવી બાદશાહી ઠાઠમાઠથી હિંદના શહેનશાહ (કૈસરેહિંદ) નું પદ ધારણ કર્યું હતું. તેઓ હિંદને માટે ભારે કાળજી ધરાવે છે.

હિંદમાં હાલ ગવર્નર જનરલ લોર્ડ હાર્ડીંગ છે. તેઓ ભલા હાકેમ છે. આપણે મુંબાઈ ઈલાકામાં રહીએ છીએ. એ ઇલાકાના નવા આવેલા ગવર્નરનું નામ લૉર્ડ વીલીંગ્ડન છે. તેમના હાથ નીચે ઉત્તર વિભાગના કમીશનર અમદાવાદમાં રહી પાંચે જીલ્લા (અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ ને સુરત) ના કલેકટરોના કામકાજ ઉપર તેમજ અગાઉ જણાવેલી એજન્સિના પોલીટીકલ એજંટના કામકાજ ઉપર દેખરેખ રાખે છે.

ઇંગ્રેજ સરકારના ન્યાયી રાજ્યમાં આપણે બધી વાતે સુખી છીએ. દર વરસે સંખ્યાબંધ નિશાળો વધારવામાં આવે છે અને અભણ વર્ગમાંથી અજ્ઞાન દુર કરી જ્ઞાનનો ફેલાવો કરવા એ દયાળુ રાજ્યના અધિકારીઓ ભારે શ્રમ લે છે. રૈયતના લાભનાં ઘણાં કામ એ રાજ્યમાં થયા છે. માટે એ રાજ તરફ રાજભકત રહેવું એ આપણી ફરજ છે. આપણાં ધર્મશાસ્ત્રો પણ આપણને આપણા રાજા તરફ ભક્તિભાવ રાખવાનું ફરમાવે છે.

અંગ્રેજી રાજ્યથી આપણને અનેક લાભ થયા છે અને અનેક પ્રકારની સગવડો તથા સુખ મળ્યાં છે. એ રાજ્યનો સદા વિજય ઇચ્છી આપણે સૌ સાથે બોલીશું કે ઈશ્વર નામદાર **શહેનશાહનું રક્ષણ કરો.**

